# BGP(CBRT)

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Superintendent, Class-2 in General State Service, under the Directorate of Archives** |
| **Advertisement No.** | **01/2023-24** |
| **Preliminary Test held** | **09-11-2023** |
| **Question No.** | **001-300** |
| **Publish Date** | **10-11-2023** |

**Last Date to Send Suggestion(s) 14-11-2023**

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 10-11-2023; 04:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through E- Mail of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ અથવા ઇ- મેઇલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : http://gpsc.safevaults.in/login/**

001. ભૌતિક ભૂગોળને મુખ્યત્વે કેટલા પેટા વિભાગમાં વહેંચવામાં આવે છે ?

(A) ત્રણ વિભાગ
(B) ચાર વિભાગ
(C) પાંચ વિભાગ
(D) છ વિભાગ

002. ભૂગોળમાં જમીનના મુખ્ય કેટલા પ્રકારો ગણવામાં આવેલાં છે ?

(A) ત્રણ (3)
(B) ચાર (4)
(C) પાંચ (5)
(D) છ (6)

003. નીચેના વાક્યો ચકાસો.

1. કાર્બન ડાયોક્સાઈડ સૌથી વધુ ભાર વાયુ છે અને તે સપાટીથી 20 કિમીની ઉંચાઈ સુધીના વાતાવરણમાં વધુ પ્રમાણમાં રહેલ છે.

2. ઑક્સીજન 110 કિમી અને નાયટ્રોજન 130 કિમીની ઉંચાઈ સુધી આવેલ છે.

3. ઓઝોનનું પડ આશરે 32 થી 48 કિમીની ઉંચાઈ સુધી આવેલ છે.

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2 અને 3 યોગ્ય છે.
(C) 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

004. ભારતમાં સંભવિત ભૂકંપ ક્ષેત્રોને કેટલા ભાગમાં વહેંચવામાં આવેલ છે ?

(A) ત્રણ (3)
(B) ચાર (4)
(C) પાંચ (5)
(D) છ (6)

005. નીચેના વાક્યો ચકાસો.

1. દ્વિતીયક પ્રવૃત્તિના કારણે પ્રાકૃતિક સંસાધનોનું મૂલ્ય વધી જાય છે.

2. તૃતીયક પ્રવૃત્તિમાં કિંમત ચૂકવીને પ્રાપ્ત કરી શકાય તેવી સેવાઓનો સમાવેશ થાય છે.

3. ચતુર્થક પ્રવૃત્તિમાં વિશિષ્ઠ કક્ષાના નિષ્ણાંતોની સેવાઓ, કુશળ સલાહકારોની સેવાઓ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2 અને 3 યોગ્ય છે.
(C) 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

006. ઉમલીંગ લા ઘાટ (Umling La Pass) કયા સ્થળે આવેલ છે ?

(A) સિક્કિમ
(B) હિમાચલ પ્રદેશ
(C) લદ્દાખ
(D) ઉત્તરાખંડ

007. નીચે આપેલી જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

| દરિયા કિનારો | બંદરોનું નામ |
|---|---|
| 1. વેસ્ટર્ન કોસ્ટ | કોચી (Kochi) |
| 2. ઈસ્ટર્ન કોસ્ટ | એન્નોર (Ennore) |
| 3. ઈસ્ટર્ન કોસ્ટ | દિનદયાળ પોર્ટ (Deendayal port) |
| 4. વેસ્ટર્ન કોસ્ટ | મેંગલોર |

(A) 4
(B) 3
(C) 2
(D) 1

008. બંધ (Dam) અને સંબંધીત નદીની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) સરદાર સરોવર ડૅમ – નર્મદા નદી
(B) ઉકાઈ ડૅમ – સાબરમતી નદી
(C) કડાણા ડૅમ – મહી નદી
(D) દંતીવાડા ડૅમ – બનાસ નદી

009. રાજ્ય અને રાજધાનીની જોડીઓ ગોઠવો.

| | |
|---|---|
| 1. હિમાચલ પ્રદેશ | a. આઈઝૉલ |
| 2. મણિપુર | b. ઈમ્ફાલ |
| 3. મિઝોરામ | c. શિમલા |
| 4. ઉત્તરાખંડ | d. દહેરાદુન |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(B) 1 - a, 2 - d, 3 - c, 4 - b
(C) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(D) 1 - b, 2 - a, 3 - d, 4 - c

010. ગુજરાતના જીલ્લાઓ અને મુખ્ય મથકની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) ડાંગ – સાપુતારા
(B) દેવભુમી દ્વારકા – ખંભાળીયા
(C) ગીર સોમનાથ – વેરાવળ
(D) નર્મદા – રાજપીપળા

011. નીચેના વાક્યો ચકાસો.

1. કચ્છ અને જામનગર જીલ્લામાં મેંગ્રોવ્સ (mangroves) ઘણા મોટા પ્રમાણમાં જોવા મળે છે.

2. ગુજરાતમાં લગભગ 21,877 ચો.કિમી વિસ્તારમાં અલગ-અલગ જંગલોના પ્રકાર આવેલ છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

012. હાલમાં ભારતમાં કેટલા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે ? (તા. 30-06-2023 ના રોજ)

(A) 15
(B) 16
(C) 17
(D) 18

013. રાષ્ટ્રીય જળમાર્ગ અધિનિયમ હેઠળ કુલ કેટલા રાષ્ટ્રીય જળમાર્ગ (NWs) જાહેર કરવામાં આવેલ છે ?

(A) 61
(B) 81
(C) 91
(D) 111

014. યુનેસ્કો (UNESCO) અમૂર્ત સાંસ્કૃતિક વારસો (Intangible cultural heritage) નીચેનામાંથી કયા સ્વરૂપમાં હોઈ શકે છે ?

1. મૌખિક પરંપરાઓ અને અભિવ્યક્તિઓ

2. સામાજિક વ્યવહાર

3. પ્રકૃતિ સંબંધી જ્ઞાન અને વ્યવહાર

4. પરંપરાગત કારીગરી

(A) 1 અને 2
(B) 1, 2 અને 3
(C) 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

015. બુદ્ધના જીવન સાથે નીચેના પૈકી કયા સ્થળો સંકળાયેલ છે ?

1. લુમ્બિની 2. બોધ ગયા 3. સારનાથ 4. કુશીનગર

(A) 1, 2 અને 3
(B) 1, 2 અને 4
(C) 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

016. નીચેના વાક્યો ચકાસો.

1. “સાહિબજાદે”ની હિંમતને શ્રદ્ધાંજલી આપવા દર વર્ષે “વીર બાલ દિવસ” ઉજવવામાં આવે છે.

2. સાહિબજાદે, શીખોના છેલ્લા ગુરૂ, ગુરૂ ગોવિંદસિંહના ચાર પુત્રો હતા.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.

(C) 1 અને 2 બન્ને યોગ્ય નથી (D) 1 અને 2 બન્ને યોગ્ય છે.

017. ગદર ચળવળ / પાર્ટીનું મુખ્ય મથક કઈ જગ્યાએ હતું ?

(A) ફ્લોરીડા (B) ટોરેન્ટો

(C) સાન ફ્રાન્સિસ્કો (D) સ્ટેનફોર્ડ યુનિવર્સિટી

018. જાપી, ઝેરાઈ, ગામોસા (Jaapi, Xorai and Gamosa) મુખ્યત્વે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) મણિપુર (B) આસામ

(C) નાગાલેન્ડ (D) મિઝોરામ

019. વાંશુવા ઉત્સવ (Wanchuwa festival) સબંધીત નીચેના વાક્યો ચકાસો :

1. આસામના કાર્બી આંગલૉન જિલ્લામાં વાંશુવા ઉત્સવ ઉજવવામાં આવે છે.

2. આ ઉત્સવ તિવા જાતી દ્વારા ઉજવવામાં આવે છે.

ઉપરોક્ત પૈકી કયું વાક્ય યોગ્ય છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 પૈકી એકપણ યોગ્ય નથી. (D) 1 અને 2 બન્ને વાક્યો યોગ્ય છે.

020. ચોક અને ત્રિભંગા (Chowk and Tribhanga) મુદ્રાઓ કયા નૃત્ય સાથે સંકળાયેલી છે ?

(A) સત્રિયા (B) મણિપુરી

(C) કથક (D) ઓડિસી

021. નીચેના વાક્યો ચકાસો.

1. રામમન (Ramman) એ ભારતના ગઢવાલ પ્રદેશનો ધાર્મિક તહેવાર અને વિધિ છે.

2. નાતુપરા પદલગલ (Naatupara Paadagal) એ રાજસ્થાનનું પ્રાચીન સંગીત સ્વરૂપ છે.

3. લાવણી એ આંધ્ર પ્રદેશનું લોકપ્રિય લોક સંગીત છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 1 અને 2 યોગ્ય છે.

(C) માત્ર 2 અને 3 યોગ્ય છે. (D) 1, 2 અને 3 યોગ્ય છે.

022. રામચરિત - મહાકાવ્યની રચના કોણે કરી હતી ?

(A) સંત રામાનંદ (B) કબી

(C) શંકર દેવ (D) તુલસી દાસ

023. મોઢેરાનું પ્રખ્યાત સૂર્ય મંદિર એ .......... નું ઉદાહરણ છે.

(A) ચંદેલ મંદિરનું સ્થાપત્ય (B) દ્રવિડ મંદિરનું સ્થાપત્ય

(C) સોલંકી મંદિરનું સ્થાપત્ય (D) વેસરા મંદિરનું સ્થાપત્ય

024. અર્ધ-શાસ્ત્રીય સંગીત સ્વરૂપ ઠુમરી (Thumri) સબંધીત નીચેના વાક્યો ચકાસો.

1. રોમેન્ટીક ભક્તિ સાહિત્ય પર આધારિત આ સંગીત ભક્તિ ચળવળ દ્વારા પ્રેરીત છે.

2. ગીતો સામાન્ય રીતે હિન્દી, બ્રિજ ભાષા બોલીના છે.

3. ઠુમરી કર્ણાટકી સંગીતનો પેટા પ્રકાર છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) 1 અને 2 યોગ્ય છે.

(C) 2 અને 3 યોગ્ય છે. (D) 1, 2 અને 3 યોગ્ય છે.

025. ગુજરાતી લેખકોના નામ અને ઉપનામની કઈ જોડીઓ યોગ્ય છે ?

1. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર – સેહની

2. ઉમાશંકર જેઠાલાલ જોષી – વાસુકિ

3. રામનારાયણ વિ. પાઠક – શેષ

4. જયંતીલાલ રતિલાલ ગોહેલ – માય ડિયર જ્યુ

(A) 1, 2, 3 યોગ્ય છે. (B) 2, 3, 4 યોગ્ય છે.

(C) 1, 3, 4 યોગ્ય છે. (D) 1, 2, 3, 4 યોગ્ય છે.

026. નીચેના પૈકી કયા પુસ્તકો નવલકથાઓ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી દ્વારા લખવામાં આવેલ નથી ?

(A) રંગ તરંગ (B) વેરની વસુલાત

(C) ગુજરાતનો નાથ (D) પાટણની પ્રભુતા

027. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના કયા બ્રિટિશ અધિકારી દ્વારા હમ્પીના ખંડેરો પ્રકાશમાં લાવ્યાં હતા ?

(A) જેમ્સ પ્રિન્સેપ (B) જેમ્સ રેનેલ

(C) કર્નલ કેલિન મેકેન્ઝી (D) વિલિયમ જોન્સ

028. ભારતીય ઉપખંડમાં પ્રથમવાર ગરીબીનો ખ્યાલ માપી શકાય તેવો વિકાસ સૂચક (concept of poverty as a measureble development indicator) કોણે ઘડેલ હતો ?

(A) શ્રી એમ. રાનડે (B) શ્રી રોમેશ ચંદ્ર દત્ત

(C) શ્રી દાદાભાઈ નવરોજી (D) શ્રી વી.કે.આર.વી. રાવ

029. મહાન રાજા કૃષ્ણદેવરાયે તેલગુમાં "કૂટનીતિ" (State craft) પર કઈ કૃતિની રચના કરેલ હતી ?

(A) જાંબવતી કલ્યાણમ્ (Jambavati Kalyanam) (B) સત્યવદુ પરિણય (Satyavadu Parinaya)

(C) રાયવાચકમુ (Rayavachakamu) (D) અમુક્તમાલ્યાદા (Amuktamalyada)

030. ભારતીય ઈતિહાસમાં ઈ.સ. 1916 કયા કારણોસર મહત્વનું છે ?

1. કોંગ્રેસ લીગ કરાર (Congress League Pact)

2. હોમ રૂલ લીગની રચના (Home Rule League)

3. કોંગ્રેસનું લખનૌ સત્ર (Lucknow Session)

4. અસહકાર ચળવળની શરૂઆત (Non-cooperation Movement)

(A) 1 અને 2 (B) 1, 2 અને 3

(C) 1, 2 અને 4 (D) 2, 3 અને 4

031. નીચેના વાક્યો ચકાસો.

1. ધોળાવીરા, હડપ્પન યુગનું પુરાતત્વીય સ્થળ છે. હાલના હરીયાણામાં આવેલ છે.

2. ધોળાવીરા એ ભારતમાં પ્રાચીન સિંધુ ખીણની સંસ્કૃતિ (IVC) નું અગત્યનું સ્થળ હતું.

ઉપરોક્ત પૈકી કયા વાક્યો યોગ્ય નથી ?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

032. નીચેના વાક્યો ચકાસો.

1. દશાવતાર મંદિર દેવગઢ અને ભીતરગાંવ મંદિર ગુપ્ત યુગ દરમ્યાન બાંધવામાં આવેલ હતા.

2. ગુપ્ત કાળના મંદિરો મોટા ભાગે પથ્થરથી બનેલ હતા.

ઉપરોક્ત પૈકી કયા વાક્ય યોગ્ય છે ?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

033. પ્રસંગ અને વર્ષ દર્શાવતી જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

| બનાવ | વર્ષ |
|---|---|
| (A) વાસ્કોડી ગામાનું ભારતમાં આગમન | 1498 |
| (B) પાણીપતનું પ્રથમ યુદ્ધ | 1526 |
| (C) પ્રતાપગઢનું યુદ્ધ | 1659 |
| (D) ભારતમાં પ્રથમ રેલ્વે લાઈનની સ્થાપના | 1835 |

034. 1893-94 ના વર્ષમાં મધ્યમ રાજકારણી (Moderate Politics) ની ટીકા કરવા ''ન્યુ લેમ્પ ફોર ઓલ્ડ'' (New lamp for old) ની લેખણ શ્રેણીના લેખક કોણ હતા ?

(A) બંકીમ ચંદ્ર પાલ
(B) બાલ ગંગાધર ટીળક
(C) અશ્વીની કુમાર
(D) અરવીંદ ઘોષ

035. મહાજન પદ અને રાજધાનીને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| 1. અંગ | a. ચંપા-માલિની |
| 2. વજ્જિ | b. મિથિલા |
| 3. કુરૂ | c. ઈન્દ્રપ્રસ્થ |
| 4. ગાંધાર | d. તક્ષશિલા |

(A) 1 - d, 2 - a, 3 - b, 4 - c
(B) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

036. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) બંગાળના ભાગલા - 1905
(B) મુસ્લિમ લીગની સ્થાપના - 1906
(C) કોંગ્રેસના ભાગલા સુરત - 1907
(D) મોર્લે-મિન્ટો ધારો - 1908

037. શ્રી M.C. શેતલવાડ B.N. રાવ અને અલ્લાદી ક્રિષ્ણમૂર્તિ કોના અગ્રગણ્ય સભ્યો હતા ?

(A) સ્વરાજ પાર્ટી (Swaraj Party)

(B) ઑલ ઈન્ડીયા નેશનલ લીબરલ ફેડરેશન (All India National Liberal Federation)

(C) મદ્રાસ લેબર યુનિયન (Madras Labour Union)

(D) સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી (Servents of Indian Society)

038. અભીનવ ભારત "Abhinava Bharat" એ ક્રાન્તીકારોની ખાનગી એકમ હતું. તેની રચના કોણે કરી હતી ?

(A) ખુદીરામ બોઝ
(B) વી.ડી. સાવરકર
(C) પ્રફુલ્લ ચાકી
(D) ભગત સીંઘ

039. કોંગ્રેસના કયા અગ્રગણ્ય નેતા "કેબીનેટ મીશન પ્લાન" (Cabinet Mission Plan) ની તરફેણમાં હતા ?

(A) શ્રી સી. રાજગોપાલાચારી
(B) શ્રી મહાત્મા ગાંધીજી
(C) શ્રી જવાહરલાલ નહેરૂ
(D) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

040. ઈ-કુબેર સંબંધિત નીચેના વિધાનો પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ઈ-કુબેર એ RBI નું કોર બેંકિંગ સોલ્યુશન છે જે વ્યાપારી બેંકોને RBI સાથે વધારે ઍક્સેસ (access) આપે છે.

2. ઈ-કુબેરથી સરકારી સિક્યોરિટીઝની હરાજીની પ્રક્રિયા કરી શકાય છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

041. નીચેના વાક્યો ચકાસો.

1. બેરોજગારીનો દર એ શ્રમ દળ (Labour force) માં એવા લોકોની ટકાવારી છે જેઓની કામની માંગણી છે પરંતુ કામ મળતું નથી ?

2. મજુર દળમાં એવા લોકોનો સમાવેશ થાય છે જેઓ રોજગારી મેળવે છે અને જેઓ કામ શોધે છે પરંતુ કામ મળતું નથી.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય નથી.
(D) 1 અને 2 બન્ને યોગ્ય છે.

042. RBI દ્વારા નાણાકીય સ્થિરતા અહેવાલ (The Financial Stability Report) નીચેના પૈકી કયા મુદ્દાઓને ધ્યાનમાં લે છે ?

1. અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને પુરતું ધિરાણ મળી રહેલ છે ?

2. જાહેર બેંકો પાસે પોતાની કામગીરી કરવા પુરતી મુડી છે ?

3. બેડલોન (NPA) માટે જરૂરી જોગવાઈ છે અને તે મર્યાદામાં છે ?

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 1 અને 3
(D) 1, 2 અને 3

043. એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) સંદર્ભમાં નીચેના પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

1. તેની સ્થાપના 2015 માં બેઈજિંગમાં થયેલ હતી.

2. બેંકે ભારતને સૌથી વધારે લોન આપેલ છે.

3. ચીન સૌથી મોટો શેર ધારક (Share Holder) છે.

4. અમેરિકા (USA) અને જાપાન તેના સભ્યો નથી.

(A) 1, 2, 3 અને 4 યોગ્ય છે.
(B) 1, 2 અને 3 યોગ્ય છે.
(C) 1, 2 અને 4 યોગ્ય છે.
(D) 2, 3 અને 4 યોગ્ય છે.

044. ગુજરાતનું પ્રથમ ગ્રીન ફિલ્ડ એરપોર્ટ કઈ જગ્યાએ આવેલું છે ?

(A) અમદાવાદ (B) રાજકોટ

(C) સુરત (D) વડોદરા

045. સૌરાષ્ટ્રમાં લોકોને સિંચાઈ અને પીવા માટે નર્મદાનું જળ મળી રહે તે માટે હાલમાં સૌની (SAUNI) યોજનાના કયા પેકેજ લોકોને આપવામાં આવેલ છે ?

(A) પેકેજ-9 અને પેકેજ-10 (B) પેકેજ-8 અને પેકેજ-9

(C) પેકેજ-7 અને પેકેજ-8 (D) પેકેજ-6 અને પેકેજ-7

046. વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ (ODOP) હેઠળ ગુજરાત પાસે કેટલા યુનિક પ્રોડક્ટનું કલેક્શન છે ?

(A) 38 (B) 48

(C) 58 (D) 68

047. ગુજરાતનું પ્રથમ "એગ્રો રેડિએશન પ્રોસેસીંગ ફેસિલિટી યુનિટ" કઈ જગ્યાએ સ્થાપવામાં આવેલું છે ?

(A) બગોદરા (B) ઉંઝા

(C) ગોંડલ (D) બાવળા

048. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ-2023ની થીમ કઈ છે ?

(A) Skills for the future of work

(B) Learning to learn for life and work

(C) Remerging youth skills

(D) Skilling teachers, trainers and youth for transformative future

049. ભારતમાં સિક્કા (coins)માં દશાંશ પદ્ધતી (decimal system) ક્યારે અમલમાં મુકેલ હતી ?

(A) એપ્રીલ, 1956 (B) એપ્રીલ, 1957

(C) એપ્રીલ, 1958 (D) એપ્રીલ, 1959

050. G-20 અંતર્ગત ત્રીજી ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કીંગ ગ્રુપની બેઠક કઈ જગ્યાએ આયોજીત કરવામાં આવેલ હતી ?

(A) રિવર ફ્રંટ, અમદાવાદ (B) મહાત્મા મંદિર, ગાંધીનગર

(C) ધોરડો, કચ્છ (D) કેવડિયા

051. નીચેના પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

1. સેન્ટ્રલ બોર્ડ ઑફ પરોક્ષ કર અને કસ્ટમ (CBIC) ભારતમાં એન્ટિડમ્પીંગ ડ્યુટી નાખે છે.

2. મૂળ મુલ્ય કરતા ઓછી કિંમતે ભારતમાં માલ નિકાસ થાય છે ત્યારે આ ડ્યુટી લાદવામાં આવે છે.

3. એન્ટિડમ્પીંગ ડ્યુટી લાદવાની ભલામણ નાણામંત્રાલય કરે છે.

(A) 1, 2 અને 3 યોગ્ય છે. (B) 1 અને 2 યોગ્ય છે.

(C) 2 અને 3 યોગ્ય છે. (D) 1 અને 3 યોગ્ય છે.

052. ભારતના અર્થતંત્રના આઠ ઉદ્યોગોમાં કોનો સમાવેશ થાય છે ?

1. વીજળી 2. સ્ટીલ 3. બાયોગેસ 4. રિફાયનરી ઉત્પાદનો

(A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4

(C) 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

053. ભારતના બંધારણમાં "રાજ્ય" શબ્દ કોનો સમાવેશ થાય છે ?

1. ભારત સરકાર, સંસદ

2. નગરપાલિકાઓ, પંચાયત અને જીલ્લા બોર્ડ

3. રાજ્ય સરકારના વતી કામ કરતી કોઈપણ એજન્સી

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

054. મૂળભૂત અધિકારો અંગે નીચેના વાક્યો ચકાસો.

1. તે નિરપેક્ષ (absolute) નથી પરંતુ તે શરતી (qualified) છે.

2. તેઓ કાયમી (permanent) છે.

3. તેઓના અમલ માટે ન્યાયાલયનો આશરો લઈ શકાય છે.

ઉપરોક્ત પૈકી કયા વાક્યો સાચા છે ?

(A) માત્ર 2 અને 3 (B) 1 અને 2

(C) 1 અને 3 (D) 1, 2 અને 3

055. શિક્ષણ ઉપર અસર કરનાર મૂળભૂત અધિકારો કયા છે ?

1. કલમ-13 2. કલમ-15 3. કલમ-28 4. કલમ-30

(A) 1, 2, 4 (B) 1, 2, 3

(C) 2, 3, 4 (D) 1, 2, 3 અને 4

056. ડબલ જોખમ (Double Jeopardy) ની સામે કોણ રક્ષણ આપે છે ?

(A) ન્યાયિક પ્રણાલી (Judicial convention) (B) મૂળભૂત અધિકાર

(C) CrPC ની જોગવાઈઓ (D) બંધારણીય ફરજો

057. ભારતના બંધારણની કલમ 14 હેઠળ :

1. દરેક વ્યક્તિ માટે કાયદો છે.

2. સમાન સ્થિતી હોય તેવા સંજોગોમાં દરેકને સમાન કાયદો લાગુ પડે છે.

યોગ્ય પસંદગી કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 યોગ્ય છે. (D) 1 અને 2 યોગ્ય નથી.

058. નિર્દેશક સિદ્ધાંતો એ નૉન-જસ્ટિસિએબલ (Non-Justiciable) છે.

1. જો સરકાર આ સિદ્ધાંતો કાયદાકીય રીતે લાગુ કરવામાં નિષ્ફળ જાય તો સામાન્ય માણસ કોર્ટમાં દાદ માંગી શકતો નથી.

2. આ સિદ્ધાંતોના અમલ માટે સરકાર કાયદાઓ ઘડી શકતી નથી.

આ પૈકી કયા વાક્ય / વાક્યો યોગ્ય છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

059. મા. લોકસભાના અધ્યક્ષની ભૂમિકા અને કાર્યોને લગતા નીચેના વાક્યો ચકાસો.

1. સ્પીકર અર્ધ ન્યાયિક સંસ્થા છે.

2. તે અંતિમ દુભાષિયા તથા મધ્યસ્થીની કામગીરી કરે છે જે ગૃહની કામગીરીનો ભાગ છે.

3. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગૃહના એક માત્ર પ્રતિનિધિ હોય છે.

(A) 1 અને 2 યોગ્ય છે. (B) 2 અને 3 યોગ્ય છે.

(C) 1 અને 3 યોગ્ય છે. (D) 1, 2 અને 3 યોગ્ય છે.

060. નીચેના વાક્યો ચકાસો.

1. રાષ્ટ્રપતિ રાજ્યના રાજ્યપાલને પોતાની સહી સિક્કાવાળા આદેશપત્રથી નીમશે.

2. રાજ્યના રાજ્યપાલનું કાર્યાલય એ કેન્દ્ર સરકારની નોકરી છે.

3. મુદત પૂર્ણ થયા બાદ રાજ્યપાલની પુનઃનિયુક્તી થઈ શકતી નથી.

(A) 1 યોગ્ય છે. (B) 1 અને 2 યોગ્ય છે.

(C) 2 અને 3 યોગ્ય છે. (D) 1, 2 અને 3 યોગ્ય છે.

061. ભારતના બંધારણની પ્રસ્તાવનામાં કયા શબ્દો છે ?

1. સર્વભૌમ 2. સંસદીય 3. બિનસાંપ્રદાયિક 4. ફેડરલ

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 1 અને 3 (D) 1, 2, 3 અને 4

062. ભારતના એટર્ની જનરલ અંગે નીચેના વાક્યો ચકાસો :

1. તેઓની નિમણુંક રાષ્ટ્રપતિ કરે છે.

2. ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમવાને લાયક હોય તેવી વ્યક્તિને એટર્ની જનરલ બનાવી શકાય છે.

3. તેઓની મુદત પાંચ વર્ષની હોય છે.

(A) 1, 2 અને 3 યોગ્ય છે. (B) 1 અને 3 યોગ્ય છે.

(C) 1 અને 2 યોગ્ય છે. (D) 2 અને 3 યોગ્ય છે.

063. હાલમાં ભારતના નિર્વાચન આયોગમાં (Election Commission of India)માં કુલ કેટલા સભ્યો કાર્યવંત છે ?

(A) 8 (B) 6

(C) 4 (D) 3

064. નીચેના વાક્યો પૈકી કયું વાક્ય યોગ્ય નથી ?

1. કેન્દ્રીય સતર્કતા આયોગ અધિનિયમ તા. 11 સપ્ટેમ્બર-2023 થી અમલમાં છે.

2. આયોગમાં અધ્યક્ષશ્રી ઉપરાંત મહત્તમ પાંચ સભ્યશ્રીઓ હોઈ શકે છે.

(A) માત્ર 2 (B) માત્ર 1

(C) 1 અને 2 બન્ને અયોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય છે.

065. તારીખ 4-12-1995, #1-1-1996, #29-1-1996, #26-2-1996 પછીની તારીખ કઈ હશે ?

(A) 24-3-1996 (B) 25-3-1996

(C) 26-3-1996 (D) 27-3-1996

066. AZ, CX, FU, .......... ખાલી જગ્યા પુરો.

(A) JQ (B) KP

(C) IR (D) IV

067. પરીક્ષામાં એક વિદ્યાર્થી 8 પ્રશ્નોના ઉત્તર આપે છે અને દરેક ઉત્તર માટે તેને 50% માર્ક મળે છે. તેને આખરી પરીણામમાં 40% માર્ક મળે છે. આ સંજોગોમાં પરીક્ષામાં કુલ કેટલા પ્રશ્નો હશે ?

(A) 8 (B) 10

(C) 15 (D) 16

068. પુત્ર કરતા પિતાની ઉંમર 9 (નઉ) ગણી છે અને પુત્ર કરતા માતાની ઉંમર 8 ગણી છે. પિતા અને માતાની ઉંમરનો સરવાળો 51 વર્ષ થાય છે. આ સંજોગોમાં પુત્રની ઉંમર કેટલી હશે ?

(A) 7 વર્ષ (B) 5 વર્ષ

(C) 4 વર્ષ (D) 3 વર્ષ

069. A શહેરથી B શહેર જવા માટે 4 રસ્તા છે અને B થી C શહેર જવા માટે 6 રસ્તા છે. આ સંજોગોમાં A થી C જવા માટે કેટલા રસ્તા છે ?

(A) 12 (B) 24

(C) 36 (D) 48

070. $x_1$, $x_2$ અને $x_3$ નું સરેરાશ મૂલ્ય 14 છે, $x_2$ અને $x_3$ ના બમણાનું મૂલ્ય 30 થાય છે. આ સંજોગોમાં $x_1$ નું મૂલ્ય કેટલું હશે ?

(A) 16 (B) 18

(C) 27 (D) 32

071. એક વાહનની વેચાણ કિંમતમાં પ્રથમ 25% વધારો કરવામાં આવે છે. હવે તેમા કેટલા % (ટકા) ઘટાડો કરવો જોઈએ જેથી તેની મૂળ વેચાણ કિંમત મળી શકે ?

(A) 15% (B) 20%

(C) 25% (D) 30%

072. જો A = $x^2 - y^2$, B = 20 અને $x + y = 10$ હોય તો ..........

(A) A નું મુલ્ય B કરતા વધારે છે.

(B) B નું મુલ્ય A કરતા વધારે છે.

(C) A નું મુલ્ય B જેટલું છે.

(D) A અને B મુલ્ય, અધુરી વિગતોને કારણે જાણી શકાય તેમ નથી.

073. પાંચ મિત્રોની માસિક સરેરાશ આવક રૂા. 1,000 છે. એક મિત્રની વાર્ષિક આવકમાં રૂા. 12,000 નો વધારો થાય છે. આ સંજોગોમાં પાંચ મિત્રોની સરેરાશ માસિક આવક કેટલી થશે ?

(A) રૂા. 1,200 (B) રૂા. 1,600

(C) રૂા. 2,000 (D) રૂા. 13,000

074. એક ઘડીયાળમાં હાલમાં 3 વાગ્યા છે, જો કલાકનો કાંટો (hour hand) 135° ફરે છે ત્યારે કેટલા વાગ્યા હશે ?

(A) 6:30 કલાક (B) 7:30 કલાક

(C) 8:30 કલાક (D) 9:30 કલાક

075. સરખી કેપેસીટીના 15 પંપથી એક ટાંકી 7 દિવસમાં ભરાય છે, જો તે ટાંકી પાંચ દિવસમાં ભરવી હોય તો કેટલા વધારાના પંપની જરૂરીયાત રહેશે ?

(A) 6 (B) 7

(C) 14 (D) 21

076. $\frac{4}{9}, \frac{9}{20}, \ldots\ldots\ldots, \frac{39}{86}$ - ખાલી જગ્યા પુરો.

(A) $\frac{17}{40}$ (B) $\frac{19}{42}$

(C) $\frac{20}{45}$ (D) $\frac{29}{53}$

077. જો $x + 2y = 2x + y$ હોય તો $\frac{x^2}{y^2}$ નું મુલ્ય કેટલું હશે ?

(A) 0 (B) 1

(C) 2 (D) 4

078. નીચેના વાક્યો ચકાસો.

1. સોઈલ ઓર્ગેનિક મેટર (SOM) મુખ્યત્વે કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સીજનનું બનેલ છે. પરંતુ તેમાં નાઇટ્રોજન, ફોસ્ફરસ જેવા પોષક તત્વો પણ હોય છે.

2. માટીમા રહેલ કાર્બનિક પદાર્થોમાં રહેલ કાર્બનને સંગ્રહિત કરવું, આબોહવાને શમન કરવાની એક રીત તરીકે પણ જોવામાં આવે છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.

(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

079. નીચેના વાક્યો ચકાસો.

1. ઘરિયાલ (the Gharials) ઉત્તર ભારતની નદી ગંગા અને ચંબલ નદી અને તેની ઉપનદીઓ (Tributaries) માં જોવા મળે છે.

2. ઘરિયાલને બિયાસ સંરક્ષણ રીઝર્વમાં (Banas Conservation Reserve)માં ફરીથી દાખલ કરવામાં આવેલ છે.

(A) 1 અને 2 બન્ને યોગ્ય નથી. (B) માત્ર 1 યોગ્ય છે.

(C) માત્ર 2 યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય છે.

080. બેક્ટેરિયા સિવાય નીચેનામાંથી કઈ જીવંત પ્રજાતિ (Living species) આપણા વાતાવરણના નાઈટ્રોજન ચક્રમાં સામેલ છે ?

1. લીલા છોડ 2. પ્રાણીઓ 3. મનુષ્યો

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 1 અને 3 (D) 1, 2 અને 3

081. કોલ ગેસીફિકેશન અને તેના ફાયદા અંગે નીચેના વાક્યો ચકાસો.

1. કોલ ગેસીફિકેશન એ કોલસાને (Syngan) સિન ગેસમાં તબદીલ કરવાની પ્રક્રિયા છે.

2. આના ઉત્પાદનને કારણે આયાતી લિક્વીફાઈડ નેચરલ ગેસ પરની નિર્ભરતા ઘટે છે.

3. કોલ ગેસીફિકેશનની પ્રક્રિયામાં લો-ગ્રેડના કોલસાનો ઉપયોગ થતો નથી.

ઉપરોક્ત પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

(A) 1 અને 3
(B) 1 અને 2
(C) 2 અને 3
(D) 1, 2, 3

082. નેટ-શૂન્ય ઉત્સર્જન (Net Zero Emission) સંબંધિત નીચેના વાક્યો ચકાસો.

1. નેટ-શૂન્ય ઉત્સર્જનનો અર્થ એ છે કે દેશ તેના ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનને શૂન્યની નજીક લાવશે.

2. આ લક્ષ્યાંકો 2015 ના પૅરીસ કરાર પર આધારીત છે.

3. જંગલો કાર્બન કેપ્ચર (Carbon Capture) જેવા માધ્યમોથી નેટ ઝીરો ઉત્સર્જન તરફ જઈ શકાય છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) માત્ર 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

083. 'બ્રુટ ફોર્સ એક્વિઝિશન' (Brute Force Acquisition) કાર્ય કોની સાથે સબંધ ધરાવે છે ?

(A) મોબાઈલ ડેટા એન્ક્રિપ્શન (Encryption of mobile data)
(B) ખાનગી જમીન સંપાદન (Private land acquisition)
(C) મોબાઈલનું ફોરેન્સિક પરીક્ષણ (Mobile device forensics inspection)
(D) પોલીસ તપાસ

084. સામાન્ય રીતે ક્લાર્ટ્ઝ ઘડિયાળોમાં ઉપયોગમાં લેવાતા ક્લાર્ટ્ઝ સ્ફટિકો રાસાયણીક રીતે .......... હોય છે.

(A) સિલિકોન ડાયોક્સાઈડ
(B) જર્મેનિયમ ઓક્સાઈડ
(C) સોડિયમ સિલિકેટ
(D) જર્મેનિયમ ડાયોક્સાઈડ

085. નીચેના પૈકી કોનો ઉપયોગ "લુબ્રીકન્ટ" (Lubricant) તરીખે થાય છે ?

(A) સિલિકા
(B) આયર્ન ઓક્સાઈડ
(C) ગ્રેફાઈટ
(D) હીરો (Diamond)

086. ફેથમ (Fatham) એ શાનું એકમ છે ?

(A) આવાજ માપવાનું
(B) ઊંડાઈ માપવાનું
(C) આવર્તન માપવાનું (Frequency)
(D) અંતર માપવાનું

087. સામાન્ય રીતે 1 કિલોમીટર એટલે કેટલા માઈલ થાય છે ?

(A) 0.84
(B) 0.51
(C) 1.60
(D) 0.62

088. બિંદેશ્વર પાઠક કે જેઓનું તાજેતરમાં અવસાન થયેલ છે તે શાના માટે જાણીતા હતા ?

(A) સુલભ ઈન્ટરનેશનલની સ્થાપના
(B) રાજકિય પક્ષની સ્થાપના
(C) નવી તબીબી સારવારની પદ્ધતી
(D) રેસ્ટોરાંની સાકળ

089. ભારત સરકારે જાહેર કરેલ ''લખપતી દીદી'' યોજનાનો શું હેતું છે ?

(A) તાલીમ દ્વારા ધંધા રોજગાર શરૂ કરીને આર્થિક આત્મનિર્ભર બનાવવી અને મહિલા સશક્તિકરણ કરવું.

(B) મહિલાઓને આરોગ્ય સેવાઓ આપવી.

(C) મહિલાઓને શિક્ષણ માટેની સેવાઓ આપવી.

(D) મહિલાઓને આત્મરક્ષણની તાલીમ આપવી.

090. મેડિકલ પ્રોડક્ટ રેગ્યુલેશનના ક્ષેત્રમાં ભારત સરકારે હાલમાં કયા દેશ સાથે સમજૂતી પત્ર (MOU) પર હસ્તાક્ષર કરેલ છે ?

(A) ચીન
(B) નેપાલ
(C) સુરીનામ (Suriname)
(D) શ્રીલંકા

091. કાર્બન ઉત્સર્જન ઘટાડવા (Reducing Carbon Emission) અંગે મુસાફરોને શિક્ષિત કરવા દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશને કઈ નવી પહેલ શરૂ કરેલ છે ?

(A) ગ્રીન મેટ્રો પ્રોજેક્ટ

(B) કાર્બન લાઈટ મેટ્રો યાત્રા

(C) ''ઈકે-ફ્રેન્ડલી કૉમ્યુટ'' ઝુંબેશ (Eco-friendly Commute)

(D) પ્રદુષણ મુક્ત મેટ્રો

092. ભારતના સમૃદ્ધ સામાજિક-સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે મૈયમ (Mayem) ગામની જૈવિક વિવિધતા એટલાસનું અનાવરણ કરવામાં આવેલ હતું. આ ગામ કયા રાજ્યમાં આવેલ છે ?

(A) કર્ણાટક
(B) છત્તીસગઢ
(C) ગોવા
(D) મણીપુર

093. G-20 ફિલ્મ ફેસ્ટીવલ માટે કઈ ફિલ્મને ઓપનિંગ ફિલ્મ પસંદ કરવામાં આવેલી છે ?

(A) પાથેર પાંચાલી
(B) દિલ વાલે દુલ્હનિયા લે જાયેંગે
(C) એવેન્જર્સ-એન્ડ ગેમ
(D) ધી ગોડ ફાધર

094. "PM-eBus સેવા" ના ભાગ રૂપે પ્રાથમિક તબક્કે કેટલી ઈ-બસો ગોઠવવાનું આયોજન છે ?

(A) 5000
(B) 10000
(C) 15000
(D) 20000

095. ભારત સરકાર દ્વારા કેટલી ''ફલીટ સપોર્ટ શિપ'' (Fleet Support Ship) બનાવવાનું આયોજન કરવામાં આવેલું છે ?

(A) ત્રણ (Three)
(B) ચાર (Four)
(C) પાંચ (Five)
(D) છ (Six)

096. જેના કારણે જાપાનમાં ભારે વરસાદ અને ભારે પવન ફુંકાયેલ હતા તે પ્રચંડ ઝંઝાવત (ટાયફૂન)નું શું નામ હતું ?

(A) ટાયફૂન લેન (Typhoon LAN)
(B) ટાયફૂન કાન (KAN)
(C) ટાયફૂન સાન (SAN)
(D) ટાયફૂન વાન (VAN)

097. ભારતમાં કઈ સંસ્થાએ ઉડ્ડયન ક્ષેત્રમાં જાતીય સમાનતા (Gender Equality) ને પ્રોત્સાહન આપવા પહેલ કરી છે ?

(A) ડિરેક્ટર જનરલ ઑફ સિવિલ એવિએશન (DGCA)

(B) એયરપોર્ટ ઑથોરીટી ઑફ ઈન્ડિયા (AAI)

(C) ભારતીય ઉડ્ડયન મંત્રાલય

(D) ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA)

098. મેઘાલય રાજ્યમાં બાળકના પ્રારંભિક વિકાસ અને માતાના માનસિક સ્વાસ્થ્યને સુધારવા નીચેના પૈકી કઈ સંસ્થાએ USD 40.5 મિલિયનની લોન મંજૂર કરેલ છે ?

(A) IMF
(B) ADB
(C) SBI
(D) RBI

099. કઈ સંસ્થાએ એરક્રાફ્ટ (Aircraft) ઉડાડવા માનવિય રોબોટ "પીબોટ (Pibot)"ની રચના કરેલ છે ?

(A) કોરિયા ઉડ્ડયન અને રોબોટિક્સ સંસ્થા (KARI)
(B) કોરિયા એડવાન્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ ટેકનોલૉજી (KAIST)
(C) જર્મન રોબૉટિક્સ વિકાસ કેન્દ્ર (GRDC)
(D) દિલ્હી ઈન્સ્ટિટ્યૂટ ઑફ એવીએશન ટેકનોલૉજી (DIAT)

100. V.S. અરૂણાચલમ જેઓનું તાજેતરમાં નિધન થયેલ છે તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?

(A) અગ્રગણ્ય વૈજ્ઞાનિક
(B) કલાકાર અને ચિત્રકાર
(C) રમત વીર
(D) પ્રતિષ્ઠિત રાજનેતા

101. દફતર ભંડારના સંદર્ભમાં 'દસ્તાવેજ'ની વ્યાખ્યા આપો.

(A) કાગળ ઉપર લખાયેલ કોઈપણ લખાણ
(B) ફક્ત હાથથી લખાયેલ લખાણ
(C) લખાણ કે જેમાંથી કંઈ અર્થ નીકળતો હોય અથવા માહિતી મળતી હોય
(D) મીલકતના કરારનું લખાણ

102. દફતર ભંડાર (અભિલેખાગાર) સંસ્થાની વ્યાખ્યા આપો.

(A) દફતર સંગ્રહને સાચવવા માટેની કાયમી જગ્યા અથવા કચેરી
(B) દફતરોનું સર્જન કરતી સંસ્થા
(C) દફતરો-દસ્તાવેજો પ્રદર્શીત કરતી સંસ્થા
(D) દરેક પ્રકારના-તમામ રેકર્ડ સાચવતી સંસ્થા

103. દફતર ભંડારનો અંગ્રેજી શબ્દ .......... છે.

(A) આર્કીઓલોજી
(B) લાર્કીઈવ્ઝ
(C) આર્કાઈવ્ઝ
(D) મ્યુઝીયમ

104. Record (રેકર્ડ) શબ્દનો અર્થ જણાવો.

1. બોલેલું રેકોર્ડ કરી લેવામાં આવે.
2. લેટીન શબ્દ 'રેકોર્ડરી'માંથી ઉતરી આવેલ શબ્દ, જેમાં 'કોર'નો અર્થ હૃદય થાય છે.
3. ઘટનાને યાદ રાખી લખાણમાં મૂકવી
4. વહીવટીય માળખું

(A) 1 અને 2
(B) ફક્ત 2
(C) ફક્ત 4
(D) 2 અને 3

105. 'નોન કરન્ટ રેકર્ડ'નો અર્થ ..........

(A) ચાલુ ફાઈલ

(B) અર્ધ-ચાલુ ફાઈલ

(C) જે તે વિભાગની બંધ થયેલ ફાઈલ

(D) બંધ થયેલ - કાયમી રાખવાપાત્ર અને દ.ભંડારમાં મોકલેલ ફાઈલ

106. 'ફાઈલ' શબ્દનો અર્થ જણાવો.

(A) પત્રવ્યવહાર

(B) વિષય પ્રમાણેના દસ્તાવેજોનો સંપુટ

(C) પત્રો જ્યાં રાખવામાં આવે તે

(D) સરકારી ઓફીસોનો પત્રવ્યવહાર

107. દફતર ભંડારમાં સંદર્ભ માધ્યમ તરીકે 'ઈન્વેન્ટરી' શું છે ?

(A) માહિતી માટેના દસ્તાવેજોની યાદી

(B) સંસ્થાનો પરિચય

(C) વર્ગીકરણની રીત

(D) દફતરોની વિવિધ શ્રેણીઓ

108. દફતર ભંડારમાં 'ઈન્ડેક્સ'નું મહત્વ બતાવો.

1. ફાઈલોની યાદી કરવાની કામગીરી

2. ફાઈલ - દસ્તાવેજોની ચોક્કસ માહિતી મળે છે.

3. મુખ્ય વિષય ઉપરાંત પેટા વિષયોની ફાઈલોને કેટેગરી પ્રમાણે વહેંચી ઈન્ડેક્સની કામગીરી કરી શકાય.

4. દ.ભંડારમાં સંગ્રહાયેલ તમામ રેકોર્ડની યાદી

(A) 1 અને 2

(B) 2 અને 3

(C) 4

(D) 3 અને 4

109. તબદીલ યાદી (ટ્રાન્સફર લીસ્ટ) કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે ?

(A) દફતર ભંડાર દ્વારા તૈયાર કરવામાં આવે છે.

(B) સર્જક સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવે છે.

(C) ખાતાના વિભાગ દ્વારા

(D) સચિવાલયના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા

110. સંસ્થાકીય ઈતિહાસનું મહત્વ શું છે ?

(A) દફતર ભંડારની સ્થાપનાનો ઈતિહાસ આપે છે.

(B) જે તે ખાતાની કામગીરીની વિગત આપે છે.

(C) દફતર સર્જક સંસ્થાનો પરિચય આપે છે.

(D) દફતરોના સંદર્ભે કોઈજ મહત્વ નથી.

111. ચાલુ, અર્ધ ચાલુ સ્થિતીના દફતરોનું સંચાલન .......... સંસ્થાનું કાર્ય છે.

(A) દફતર ભંડાર

(B) મધ્યસ્થ દફતર ભંડાર

(C) જ્યાં દફતરોનું સર્જન થાય છે તે

(D) સચિવાલયના વિભાગ

112. દફતર ભંડાર (આર્કાઈવ્ઝ) અને મ્યુઝિયમ વચ્ચે શું સામ્ય છે ?

1. ઈતિહાસ-સંસ્કૃતિ સમજવા માટેના સાધન છે.

2. એકજ સ્કીલ (આવડત) જરૂરી છે.

3. બન્ને પ્રદર્શન માટે જ છે.

4. શૈક્ષણિક સંશોધન અને માહિતી પુરી પાડે છે.

(A) 1

(B) 2 અને 3

(C) 4

(D) 1 અને 4

113. શિક્ષણના ક્ષેત્રે દફતર ભંડાર (આર્કાઈવ્ઝ)નું યોગદાન શું છે ?

1. વિવિધ વિષયોના સંશોધન માટે જરૂરી માહિતી-પુરાવા પાડે છે.

2. માહિતીનું આદાન-પ્રદાન થઈ શકે છે.

3. આધારભૂત પ્રાથમિક કક્ષાનું સંશોધન સાધન

4. જ્ઞાનનું સાધન

(A) 1, 2 સાચા (B) 2, 3

(C) 1 થી 3 (D) 1 થી 4

114. દસ્તાવેજોના પ્રકાર સમજાવતા

1. હાથે લખેલ દસ્તાવેજો 2. ખાનગી અને વ્યક્તિગત દસ્તાવેજો 3. જાહેર દસ્તાવેજો 4. સંસ્થાકીય દસ્તાવેજો

(A) 1 (B) 3 અને 4

(C) 2 થી 4 (D) 1 અને 2

115. દફતર ભંડારમાં કામગીરી સંભાળતા કર્મચારી/અધિકારીને અંગ્રેજીમાં કયા નામથી ઓળખવામાં આવે છે.

(A) આર્કીઓલોજીસ્ટ (B) આર્કીવીસ્ટ

(C) લાયબ્રેરીયન (D) મ્યુઝોલોજીસ્ટ

116. 'બધાં જ રેકોર્ડ આર્કાઈવીઝ નથી' – વિધાનની સત્યતા ચકાસો.

1. દ.ભંડાર કાયમી પ્રકારના મહત્વના રેકોર્ડ માટે જ છે.

2. મુલ્યાંકન બાદનું રેકોર્ડ

3. સંશોધન મૂલ્ય અને વહીવટી ઉપયોગીતા ધરાવતા રેકોર્ડ માટે જ

4. નાશપાત્ર રેકર્ડ આર્કાઈવ્ઝમાં આવતું નથી.

(A) 1 થી 4 (B) 4

(C) 1 અને 3 (D) 2 અને 4

117. દફતર ભંડારની ખાસિયતો જણાવો.

1. દફતરોની અદ્વિનીયતા

2. દફતર અંગેનો અધિકાર

3. સજીવતા

4. દ.ભંડારની સર્જક સંસ્થા સાથેનો સંબંધ

(A) 1 થી 4 (B) 1, 2

(C) 3, 4 (D) 1

118. નીચેનામાંથી દફતર વિદ્યા અંગેના જાણીતા સૂત્રો જણાવો.

1. ગ્રંથો ઉપયોગ માટે છે.

2. જાહેર દફતર સંરક્ષણ માટે છે.

3. જરૂરી દફતર સંશોધકને મળવું જોઈએ

4. દરેક વાચકને ગ્રંથ મળે તે જરૂરી છે.

(A) 1 અને 4 (B) 1 અને 2

(C) 2 અને 3 (D) 3 અને 4

119. ‘જાહેર દફતર પસંદગીના કેટલાક લોકો માટે છે.’ – આ વિધાન અંગેના કારણ આપો.

1. જાહેર દફતર જાહેર પ્રશ્ન માટે છે.

2. જાહેર દફતર સંશોધન પ્રવૃત્તિ તથા વહીવટ સાથે જોડાયેલ લોકો માટે છે.

3. દફતર ભંડાર બધા લોકો માટે ખુલ્લુ હોય છે.

4. દફતર ભંડારમાં મર્યાદીત અને અધિકૃત વ્યક્તિને જ પ્રવેશ આપવામાં આવે છે.

(A) 1
(B) 1 અને 4
(C) 2 અને 4
(D) 2 અને 3

120. ‘દફતરોની ઉત્પત્તિ અને જથ્થો દફતર ભંડાર તથા સરકારી વિભાગોની મુખ્ય સમસ્યા છે.’ – આ વિધાન સંદર્ભે નિયંત્રણ માટેના ઉપાય જણાવો.

1. એક વિષયની એક ફાઈલ સિદ્ધાંત

2. દફતરોનું મૂલ્યાંકન સમ્યાંતરે થવું જોઈએ.

3. ફાઈલ બંધ થતાં તેનો નાશ કરી દેવો જોઈએ.

4. બિનજરૂરી કાગળો દૂર કરી કદ ઘટાડવું

(A) 1
(B) 2 અને 3
(C) 1 થી 4
(D) 1, 2 અને 4

121. દફતર ભંડાર (આર્કાઈવ્ઝ)ની ફરજો દર્શાવો.

1. સમાજ, પ્રદેશ અને રાષ્ટ્રની સંસ્કૃતિનું રક્ષણ

2. લોકોને સાંસ્કૃતિના મહત્વ અને સન્માન પ્રત્યે જાગૃત કરવાની ફરજ

3. લોકોને તેઓના ભૂતકાળ-ઈતિહાસ પ્રત્યે જાગૃત કરવાની ફરજ

4. ભવિષ્યના સંદર્ભો માટે અગત્યના રેકર્ડની જાળવણી

(A) 1 અને 2
(B) 2 થી 4
(C) 1 થી 4
(D) 3 અને 4

122. નીચેનામાંથી દફતર ભંડારની કામગીરી દર્શાવતા સાચા તારણો જણાવો.

1. માત્ર નોન કરન્ટ રેકર્ડ મેળવી સાચવે છે.

2. રેકર્ડની જાળવણી, સાચવણી અને મૂલ્યાંકનની કામગીરી

3. માત્ર સરકારી રેકર્ડનો જથ્થો સાચવવો

4. સંદર્ભ માધ્યમો તૈયાર કરી સંશોધકને ઉપયોગી માહિતી આપવાની કામગીરી

(A) 1 થી 3
(B) 1, 2 અને 4
(C) 4
(D) 1 અને 2

123. નીચેનામાંથી સાચું વિધાન જણાવો.

1. દફતર ભંડારમાં આવતું તમામ રેકર્ડ હંમેશા સાચવવું જરૂરી અને ફરજીયાત છે.

2. દફતર ભંડારમાં આવતા રેકર્ડ દફતરોનું સમયે સમયે મૂલ્યાંકન કરી સાચવવું જરૂરી છે.

(A) 1
(B) 2
(C) 1 અને 2
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

124. નીચેનામાંથી દફતરો અંગેના કાનૂનની જરૂરીયાતના કારણ જણાવશો.

1. મહત્વના દફતરો-દસ્તાવેજો નાશ ન પામે તે માટે

2. દફતરો જોયા-તપાસવા માટે સ્પષ્ટ નિયમો-કાનૂન જરૂરી

3. જાહેર દફતર જાહેર પ્રશ્ન માટે જ છે માટે કાનૂન જરૂરી નથી.

4. દેશ-પ્રદેશનો ઈતિહાસ-સાંસ્કૃતિક વારસો જાળવવો જરૂરી છે.

(A) 3
(B) 1 અને 2
(C) 1, 2 અને 4
(D) 4

125. દફતરોની જાળવણી અને વહીવટ માટે ગુજરાત સરકાર તરફથી બહાર પાડવામાં આવેલ નીતિ જણાવો.

(A) રીટેન્શન શીડ્યુઅલ
(B) આવી કોઈજ નીતિ બહાર પડેલ નથી
(C) આર્કીવલ પોલીસી રેઝોલ્યુશન
(D) રેકર્ડ નાશ અંગેનો કાયદો

126. રાજ્યના દફતર ભંડારમાં દફતરો જોવા માટે ના સંશોધન નિયમોની જરૂરીયાત ઉપયોગીતા ના યોગ્ય કારણ આપશો.

1. સંગ્રહાયેલ દફતરો ઐતહાસીક મૂલ્ય ધરાવે છે.

2. દસ્તાવેજોમાં નુકશાન તથા દૂરઉપયોગ ન થાય તે માટે જરૂરી

3. આ રેકોર્ડ અદ્વિતીય છે.

4. સંશોધન - વહીવટીય ઉપયોગીતા ધરાવે છે.

(A) 1 થી 4
(B) 1 અને 2
(C) 3 અને 4
(D) 2

127. ગુજરાત રાજ્ય દફતર ભંડારમાં સંશોધન નિયમો ક્યારથી અમલમાં છે ?

(A) નક્કી કરવામાં આવ્યા નથી
(B) તા. 5 જાન્યુઆરી 1977 થી
(C) તા. 9 જુન 2009 થી
(D) રાષ્ટ્રીય અભિલેખાગાર, દિલ્હીના નિયમો અમલમાં છે.

128. રાજ્ય દફતર ભંડારમાં રેકર્ડ કેવી રીતે મેળવવામાં આવે છે ?

1. રેકર્ડ અંગેની સરકારની નીતિ પ્રમાણે

2. જાહેર પ્રજા પાસેથી ઐતહાસીક દસ્તાવેજ હોય તો સરકાર કબજો કરી શકે છે.

3. દ.ભંડાર ખાતાની રેકર્ડ ખરીદ સમિતિની ભલામણ પ્રમાણે ખરીદીને લઈ શકે છે.

4. સંસ્થા કે વ્યક્તિ પાસેથી ભેટ સ્વરૂપે મેળવીને

(A) 2
(B) 1
(C) 1, 3 અને 4
(D) 2 અને 3

129. દફતર ભંડારની સંદર્ભ ગ્રંથાલય પ્રવૃત્તિ જણાવો.

(A) જાહેર પ્રજાને ગ્રંથો વાંચવા આપવા

(B) જરૂરી ફી લઈને પ્રજાને વાંચવા આપવા

(C) સભ્યપદ આપી પ્રવેશવાની મંજુરી

(D) સંશોધન સંદર્ભ માટે જ ફક્ત ત્યાં જ બેસીને સંશોધકને જોવા આપવા

130. દ.ભંડારમાં રાખવામાં આવતી 'તબદીલ યાદી' (ટ્રાન્સફર લિસ્ટ) શું છે તે દર્શાવો.

(A) સંદર્ભ માધ્યમ છે.

(B) સર્જક સંસ્થા દ્વારા દ.ભંડારને સોંપવામાં આવતા રેકર્ડની યાદી છે.

(C) દ.ભંડાર દ્વારા તૈયાર કરવામાં આવતુ રજીસ્ટર

(D) દ.ભં.માં સંગ્રહીત ફાઈલોની યાદી

131. દફતર ભંડારમાં 'ઈન્વેન્ટરી'ની ઉપયોગીતા જણાવો.

1. સંસ્થાનો પરિચય મળે છે.

2. દ.ભંડારમાં જ તૈયાર કરવામાં આવે છે.

3. સંદર્ભ માધ્યમ તરીકે ઉપયોગી છે.

4. માહિતી માટેના દસ્તાવેજોની યાદી છે.

(A) 1
(B) 2 અને 3
(C) 4
(D) 2, 3 અને 4

132. દફતર ભંડારમાં સંશોધન કામગીરી માટે પ્રવેશ પ્રક્રિયા સમજાવો.

1. જરૂરી વિગતો - નિયમ, સરનામું, ભલામણ કર્તા વગેરે

2. જરૂરી સભ્ય ફી ભરી પ્રવેશી શકાય છે.

3. કોઈ પણ વ્યક્તિ પ્રવેશી શકે છે.

4. રેકર્ડ રૂમમાં કામગીરી સંભાળતા અધિકારી/કર્મચારી સિવાય કોઈ પણ પ્રવેશી શકતું નથી.

(A) 1
(B) 2 અને 3
(C) 1 અને 4
(D) 4

133. રાજ્ય સરકારની દફતર વર્ગીકરણ સમય સૂચિ પ્રમાણે .......... વર્ગનું દફતર, દફતર ભંડારમાં સોંપવાનું હોય છે.

(A) ખ
(B) ખ - 1
(C) ક
(D) ગ

134. રાજ્ય સરકારની વર્ગીકરણ સૂચિ પ્રમાણે 'ખ' વર્ગનું રેકર્ડ .......... વર્ષ રાખવાનું હોય છે.

(A) 5 વર્ષ
(B) 15 વર્ષ
(C) 1 વર્ષ
(D) 30 વર્ષ

135. દ.સૂચિ પ્રમાણે 'ક' વર્ગનું રેકર્ડ .......... રાખવાનું હોય છે.

(A) કાયમી (અનિશ્ચિત મુદત સુધી)
(B) 15 વર્ષ
(C) 30 વર્ષ સુધી
(D) 1 વર્ષ

136. વર્ગીકરણ સૂચિ પ્રમાણે 'ખ-1', 'ઘ' અને 'ગ' વર્ગનું રેકર્ડ કેટલા સમય સુધી સાચવવાનું હોય છે. તે નીચેની મુદત ચાર્ટ પરથી જણાવો.

1. અનુક્રમે 15, 1 અને 5 વર્ષ સુધી

2. અનુક્રમે 30, 5 અને 1 વર્ષ સુધી

(A) 1
(B) 2
(C) બન્નેમાંથી કોઈ નહી
(D) 1 અને 2

137. રાજ્ય સરકારની દફતરો અંગેની સમયસૂચિ પ્રમાણે "બંધારણની જોગવાઈઓ સહિતની ભરતી અંગેની નીતિ વિષયક બાબતો" નિયમની ફાઈલને આપવામાં આવતો વર્ગ જણાવો.

(A) ઘ
(B) ક
(C) ખ-1
(D) ખ

138. ગુજરાતમાં રાજ્ય સરકાર તરફથી વર્ગીકરણ માટે નક્કી કરવામાં આવેલ વર્ગના પ્રકાર જણાવો.

(A) એ, બી, સી, ડી
(B) ક, ખ, ખ-1, ગ, ઘ
(C) અ, બ, ક, ડ, ઈ
(D) ક, ખ, ગ, ઘ, ચ

139. રાજ્ય સરકારની જે તે કચેરીઓના રેકર્ડ રૂમના અધિકારીએ વર્ષમાં .......... અને .......... માસમાં દફતર વ્યવસ્થા અંગે હેવાલ સુપ્રત કરવાનો હોય છે.

(A) માર્ચ - જુન
(B) જાન્યુ - જુન
(C) ડીસે. - એપ્રિલ
(D) જુલાઈ - ડીસે.

140. ફાઈલોનું વર્ગીકરણ ક્યારે કરવું જોઈએ ?

(A) ફાઈલ શરૂ કરવાની સાથે
(B) અધિકારીની સૂચના પ્રમાણે
(C) પ્રકરણ બંધ થયાના નિર્ણય થયેથી
(D) ફાઈલ ખુલવાના 1 વર્ષ બાદ

141. વર્ગીકરણ કર્યા બાદ ફાઈલ માટે શું - શું કામગીરી કરવાની રહે છે. આપેલ વિગતમાંથી જણાવો.

1. વધારાના નકામા કાગળ કાઢી નાંખવા
2. નવેસરથી પાન નંબર આપવા અને વર્ગનો સિક્કો લગાવવો
3. ફાઈલ રજીસ્ટરમાં નોંધણી કરવી
4. બંધ થયેલ ફાઈલના છેલ્લા પાન ઉપર સહિ-સિક્કા અને જરૂરી નોંધ કરવી

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 3 અને 4
(D) 1 થી 4

142. કચેરી - વિભાગના રેકર્ડ 'ક' અને 'ખ' વર્ગની ફાઈલો દર .......... વર્ષે પુનઃ ચકાસણી કરી જરૂર લાગે વર્ગીકરણ સુધારવું જોઈએ.

(A) 30 વર્ષ
(B) 5 વર્ષ
(C) 10 વર્ષ
(D) 15 વર્ષ

143. નોન કરન્ટ રેકર્ડ દ.ભંડારમાં સોંપ્યા બાદ જરૂર પડે ફાઈલ પરત મંગાવવાની કાર્યવાહી કેવી રીતે કરવી ?

1. માંગણી મુકી ફાઈલ મંગાવવી
2. ટ્રાન્સફર લીસ્ટ પ્રમાણે ફાઈલ નં. પ્રમાણે માંગણી મૂકવી
3. મેળવેલ ફાઈલ પરત કરવાની રહેતી નથી
4. મેળવેલ ફાઈલ ત્રણ માસમાં પરત કરવી

(A) 1, 2 અને 4
(B) 1 અને 2
(C) 4
(D) 2 અને 3

144. અર્ધ ચાલુ દફતરો એટલે શું ? સાચો વિકલ્પ પસંદ કરો.

1. જે દફતર - ફાઈલોની કામગીરી ચાલુ હોય
2. જે દફતરો બંધ કરી દેવામાં આવ્યા હોય, પરંતુ સર્જક સંસ્થા પાસે જ હોય
3. વર્ગીકરણ કામગીરી બાકી હોય

(A) 2
(B) 1
(C) 3
(D) 2 અને 3

145. દફતર સંચાલન પ્રક્રિયા સમજાવતા સાચા વિધાન પસંદ કરો.

1. દફતરોની વ્યવસ્થા કરવી
2. દફતરો દફતર ભંડારને સોંપવામાં આવે તે પહેલાંની પ્રક્રિયા
3. દફતરો ચાલુ અને અર્ધ ચાલુ સ્થિતીમાં હોય ત્યારે થતી પ્રક્રિયા

(A) 1
(B) 2
(C) 2 અને 3
(D) 1 અને 3

146. દફતર સંચાલન (વ્યવસ્થા)નું કાર્ય જણાવો.

1. દફતર સંચાલન દફતરમાં ખાતાનું કાર્ય

2. દ.ભંડારમાં ફાઈલો આવ્યા બાદની વ્યવસ્થા

(A) 1

(B) 2

(C) એક પણ નહીં

(D) 1 અને 2

147. ફાઈલોના વર્ગીકરણ માટે કઈ બાબતો લક્ષમાં લેવાની હોય છે. સાચાં વિકલ્પ પસંદ કરો.

1. સલામતી અને ઉપયોગીતા

2. ખાતાની કામગીરી અને જરૂરીયાત

3. રીટેન્શન શીડ્યુલ પ્રમાણે વિષયોને વર્ગ આપવા

(A) 3

(B) 2 અને 3

(C) 1, 2 અને 3

(D) 1 અને 2

148. ફાઈલો બંધ કરવાની પદ્ધતિના અગત્યના મુદ્દાઓ પસંદ કરો.

1. ફાઈલ બંધ કરતા સમયે છેલ્લા પાન ઉપર કામગીરી પૂર્ણ થઈ છે તે પ્રમાણેની નોંધ જરૂરી

2. ફાઈલ રજીસ્ટરમાં ફાઈલ બંધ કર્યાની નોંધ જરૂરી

3. ફાઈલના દરેક પાન ઉપરના પાન નંબર ચકાસી કુલ પાનની સંખ્યા અને ફાઈલ બંધ કર્યાની તારીખ નોંધવી

(A) 1, 2 અને 3

(B) 2 અને 3

(C) 1

(D) 1 અને 2

149. નોંધણી પદ્ધતિના ફાયદા અંગે ઉદાહરણો પસંદ કરી દર્શાવો.

1. નોંધણી પદ્ધતિમાં પત્રકો મહત્વના દફતર છે.

2. નામ અને વિષયની અનુક્રમણીકાના આધારે દફતર શોધવાનું સરળ અને ઝડપી બને છે.

3. આ પદ્ધતિમાં દફતર સંચાલન માટે ઓછો ખર્ચ થાય છે.

4. દફતર બંધ કરવાની પ્રક્રિયામાં ઘટાડો થાય છે.

(A) 1 અને 2

(B) 3

(C) 2 અને 3

(D) 4

150. રાજ્ય સરકાર દ્વારા સરકારી કચેરીઓના દફતરો અંગે વર્ગીકરણ માટે ‘વર્ગીકરણ યાદી’ તૈયાર કરવામાં અને અદ્યતન કરવામાં આવે છે. જેનું મહત્વ દર્શાવતા તારણો પસંદ કરો.

1. બીન જરૂરી દફતરો-ફાઈલોના નીકાલ માટે

2. ફાઈલોની ગોઠવણી સરળ બને છે.

3. કાયમી સાચવવાપાત્ર દફતરોની સાચવણી સરળ બને

(A) 3

(B) 2 થી 3

(C) 2

(D) 1

151. તબદીલ યાદી (ટ્રાન્સફર લીસ્ટ) કોણે અને કેટલી નકલમાં તૈયાર કરવી પડે છે ? સાચો વિકલ્પ પસંદ કરો.

(A) દફતર ભંડાર - 1 નકલમાં

(B) સર્જક સંસ્થા - 3 નકલમાં

(C) બન્ને સાથે મળીને - 2 નકલમાં

(D) બન્ને સાથે અલગરીતે - 1 નકલમાં

152. ખાતાકીય દફતર ખંડની મહત્વની કામગીરી દફતરની નિવૃત્તિ છે. જે અંગેની સમજ આપતું વિધાન દર્શાવો.

(A) દફતરનો નાશ કરવાની પ્રક્રિયા

(B) કામના દફતરો અલગ કરવાની પ્રક્રિયા

(C) વર્ગીકરણની કામગીરી

(D) કાયમ રાખવા માટેના દફતરો દફતર ભંડારમાં તબદીલ કરવાની કામગીરી

153. 'ઈન્ડેક્સ' સંદર્ભ માધ્યમ તરીકેની ઉપયોગીતા જણાવો.

1. માહિતી શોધવામાં ખૂબ ઉપયોગી સાધન છે.

2. જે તે ફાઈલ શોધવામાં અને તે ક્યાં છે તે શોધી કાઢવામાં મદદરૂપ થાય છે.

3. પત્ર વ્યવહાર જોઈ નથી શકાતો.

(A) 3

(B) 1 અને 2

(C) 2 અને 3

(D) 1

154. જાહેર દફતરમાં 'ફાઈલ' શબ્દમાં અન્ય માધ્યમોનો પણ સમાવેશ થાય છે. જેના પ્રકાર જણાવો.

1. ફક્ત કાગળ ઉપર લખાણથી સર્જાયેલ દસ્તાવેજો

2. ફક્ત ફીઝીકલ ફાઈલ

3. ફીઝીકલ ફાઈલ ઉપરાંત ઈલેક્ટ્રોનિક ફાઈલો (ઈ-મેઈલ સહિત)

(A) 1

(B) 2

(C) 3

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

155. રાજ્ય સરકારના સચિવાલયના જુદા-જુદા વિભાગોનું કાયમી પ્રકારનું નોન કરન્ટ રેકર્ડ ક્યાં રાખવામાં આવે છે ? નીચેનામાંથી વિકલ્પ જણાવો.

(A) સામાન્ય વહીવટ વિભાગના મધ્યસ્થ રેકર્ડમાં કાયમ માટે

(B) જે તે વિભાગના રેકર્ડ રૂમમાં

(C) દફતર ભંડારની મુખ્ય કચેરી, ગાંધીનગરમાં

(D) સચિવાલયમાં જ અલગ રેકર્ડ કચેરીમાં

156. દફતર ભંડારમાં સંશોધન માટે આવતા સંશોધકોની ફરજ દર્શાવતા વિધાન જણાવો.

1. દસ્તાવેજોનો ઉપયોગ નુકશાન ન થાય તે રીતે કરવો જોઈએ.

2. દફતરો-દસ્તાવેજો સાથે કોઈ પણ પ્રકારના ચેડાં કે પેન-પેન્સીલના લીટા ન થાય તેનું ધ્યાન રાખવું.

3. સમય ન વેડફાય તે માટે સંદર્ભ માધ્યમોનો ઉપયોગ કરી દસ્તાવેજ મેળવવા.

4. સંશોધન ખંડમાં કોઈપણ પ્રકારની ખાદ્ય સામગ્રી, પ્રવાહી તેમજ ધુમ્રપાનનો ઉપયોગ ન કરવો.

(A) 1

(B) 2

(C) 3

(D) 1 થી 4

157. ગુજરાત રાજ્ય દફતર ભંડારની 'આર્કીવલ પોલીસી રેઝોલ્યુશન'નો હેતુ શું છે, તે નીચેના વિધાનો દ્વારા જણાવો.

1. દફતરો-રેકર્ડ મેળવાય, સચવાય અને ઉપયોગી બને

2. દફતરો-ઉપર સરકારનો અંકુશ રહે તે માટે

3. દફતરોની યોગ્ય જાળવણી અને વહીવટ

4. લોકોને પોતાના ઐતહાસીક વારસાથી પરિચિત કરાવી શકાય

(A) 1 અને 2

(B) 3 અને 4

(C) 2

(D) 1, 3 અને 4

158. કેસની અગત્યતાના આધારે અતિગુપ્ત/ગુપ્ત કાગળો - ફાઈલો કેવી રીતે સાચવવી જોઈએ ? નીચેનામાંથી સાચા વિકલ્પ પસંદ કરો.

1. આવા કાગળો જવાબદાર કર્મચારીએ પોતાની કસ્ટડીમાં રાખવા

2. કેસ બંધ થયા બાદ આવી ફાઈલો - કાગળો જે તે શાખા - કચેરી - ખાતાના વડાની અંગત કસ્ટડીમાં રાખવા

3. સમય જતાં કેસની બાબત ખાનગી ન રહે ત્યારે ફાઈલનું વર્ગીકરણ કરવું

4. કેસ - ફાઈલ ખાનગી ન રહે બાદ જ મુલ્યાંકન કરી દ.ભંડારમાં ફાઈલ મોકલવી

(A) 1 અને 2 | (B) 1 થી 4

(C) 4 | (D) 3 અને 4

159. રાજ્ય સરકારની દફતર વર્ગીકરણની સમય સૂચિ-2009 કોને લાગુ પડે છે ? સાચું વિધાન જણાવો.

(A) માત્ર સચિવાલયના વિભાગો | (B) સરકારના તમામ વિભાગો - કચેરીઓ

(C) માત્ર ખાતાના વડાઓ | (D) રાજ્ય દફતર ભંડારમાં જ

160. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ દફતરોની જાળવણી અને વહીવટ તા. 21 એપ્રિલ 1981 પ્રમાણે 100 વર્ષ જુની ફાઈલ અંગે કરવાની થતી કાર્યવાહી જણાવો. સાચું વિધાન જણાવો.

(A) પુનઃ વર્ગીકરણ કરવું | (B) નાશ કરવું જોઈએ

(C) 100 વર્ષ જુના રેકર્ડનો નાશ ન કરવો | (D) સચીવ કક્ષાએથી મંજુરી લઈ કાર્યવાહી કરવી

161. રાજ્યમાં આવેલ તમામ સરકારી - કચેરીઓના બિન ચાલુ રેકર્ડના નિરીક્ષણ અધિકારીની જવાબદારી કયા અધિકારીને સોંપવામાં આવી છે ? નીચેનામાંથી સાચું વિધાન જણાવો.

(A) જે તે ખાતાના વડા | (B) સચીવ કક્ષાથી

(C) સામાન્ય વહીવટ વિભાગની રેકર્ડ બ્રાન્ચના વડા | (D) રાજ્ય દફતર ભંડાર ખાતાના વડાને

162. દફતર ભંડાર ખાતાને તબદીલ કરવામાં આવેલ 30 વર્ષ કરતાં વધુ સમયનું તમામ નોન કરન્ટ રેકર્ડ માન્ય સંશોધક માટે ખુલ્લું રહે છે. નીચેનામાંથી સાચો વિકલ્પ જણાવો.

(A) ખોટું છે | (B) સર્જક સંસ્થાની મંજુરી બાદ જ જોઈ શકાય

(C) દ.ભંડાર ખાતાના વડાની મંજુરી બાદ જ | (D) સાચું છે

163. દફતર ભંડારની સંશોધક પ્રત્યેની મુખ્ય ફરજો શું હોવી જોઈએ ?

1. સંશોધકોને તેમના સંશોધન માટેના દફતરો તરત મળવા જોઈએ.

2. સંશોધન - સંદર્ભ માધ્યમો ઉપલબ્ધ કરાવવા.

3. સંશોધકને સંશોધન માટેના કાર્ય અંગે કચેરીમાં જરૂરી સગવડ ઉપલબ્ધ થવી જોઈએ.

4. દફતરો સારી રીતે સચવાવા જોઈએ.

(A) 1 અને 2 | (B) 4

(C) 1 થી 4 | (D) 3 અને 4

164. શૈક્ષણિક વિકાસમાં દફતર ભંડાર મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આ કથન અંગે નીચેના ઉદાહરણોમાંથી સાચા પસંદ કરો.

1. ઈતિહાસ, સમાજશાસ્ત્ર, ભૂગોળ જેવા વિષયો ભણાવવામાં શાળાઓમાં દસ્તાવેજો ઉપયોગી બને છે.

2. દ.ભંડારમાં દસ્તાવેજોના પ્રદર્શન - પ્રકાશન વગેરે દ્વારા લોકશિક્ષણનું કાર્ય થઈ શકે છે.

3. દ.ભંડારના દફતરો વિશાળ જ્ઞાનના સમૂહનું એક સંકુલ છે.

4. શાળા શિક્ષણમાં દ.ભંડારની ભૂમિકા નથી તે માત્ર ઉચ્ચ શિક્ષણમાં ઉપયોગી છે.

(A) 4 | (B) 1 થી 3

(C) 1 અને 2 | (D) 2

165. 'દફતર ભંડારમાં આર્કીવલ સામગ્રી ફક્ત ફાઈલ કે દસ્તાવેજના સ્વરૂપમાં જ હોય છે.' – આ વિધાનના સંદર્ભે સત્યતા નીચેના કારણોમાંથી ચકાસો.

1. વિધાન સાચું છે.

2. વિધાન ખોટું છે.

3. દ.ભંડારમાં ફાઈલ ઉપરાંત ફોટોગ્રાફ્સ, નકશા, સાઉન્ડ રેકોર્ડીંગ, ઓડીયો-વિઝ્યુઅલ, ડીઝીટાઈઝ સ્વરૂપે પણ આર્કીવલ સામગ્રી હોય છે.

4. સરકારી રેકર્ડ ફક્ત પેપર-ફાઈલ સ્વરૂપે જ હોય છે.

(A) 2 અને 3 (B) 1

(C) 4 (D) 1 અને 4

166. દફતર ભંડારમાં 'ખાનગી' રેકર્ડ મેળવ્યા બાદ તેને રાખવા - ઉપયોગ કરવાની વ્યવસ્થા અંગેની માહિતી આપો.

1. અલગ નોંધણી અને અને અલગ રાખવાની વ્યવસ્થા હોય છે.

2. રેકોર્ડ વ્યવસ્થા પ્રમાણે, દફતર ખંડમાં અન્ય રેકર્ડની સાથે રાખવામાં આવે છે.

3. દાતાની શરતો પ્રમાણે ઉપયોગ અંગેના નિયમો નક્કી થાય છે.

4. વર્ગીકરણ કરી સાચવવામાં આવે છે.

ઉપરોક્તમાંથી સાચી માહિતી આપો.

(A) 2 અને 4 (B) 1 અને 3

(C) 1 (D) 3

167. ફાઈલનો વિષય - શિર્ષક કેવા હોવા જોઈએ ? નીચેનામાંથી યોગ્ય વિકલ્પ જણાવો.

1. વિષય-મથાળું ખૂબ જ ટૂંકુ હોવું જોઈએ.

2. વિષય-મથાળું સંક્ષિપ્તમાં પણ ફાઈલ ઓળખવામાં અનૂકુળ રહે તે પ્રમાણેનું હોવું જોઈએ.

3. ફાઈલ ઉપર શીર્ષક તેનું મથાળું તથા વિષય એ પ્રમાણે હોવું જોઈએ.

(A) 1 (B) 2

(C) 2 અને 3 (D) 1 અને 2

168. ફાઈલોના મુલ્યાંકન માટે સૌથી મહત્વનો તબક્કો - નીચેના કથનોમાંથી જણાવો.

(A) ફાઈલ બંધ કરવી (B) ફાઈલ ખોલવાની પ્રક્રિયા

(C) ફાઈલ વર્ગીકરણ (D) ફાઈલ ઈન્ડેક્સ

169. સરકારી દફતરો માટે વર્ગીકરણ યાદી કેટલા સમય પછી પુનઃ અધ્યતન કરવામાં આવે છે ?

(A) દસ વર્ષે (B) 2 વર્ષે

(C) પાંચ વર્ષે (D) 20 વર્ષે

170. દફતરો સાચવવા માટેના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો જણાવો. નીચેનામાંથી સાચા તારણો આપો.

1. દફતરો જમીન ઉપર ન રાખવા

2. દફતરો દિવાલથી દૂર રાખવા

3. દફતર રૂમમાં ભેજ કે સીધો તડકો ન આવવો જોઈએ

4. જંતુનાશક - વ્યવસ્થાઓ કરવી જોઈએ

(A) 1 અને 2 (B) 2 અને 4

(C) 1 અને 3 (D) 1 થી 4

171. આધુનિક ફાઈલીંગ પદ્ધતિની શરૂઆત ક્યારથી થઈ ?

(A) ઈ.સ. 1880 પછી
(B) ઈ.સ. 1923 પછી
(C) ઈ.સ. 1857 પછી
(D) ઈ.સ. 1947 પછી

172. આધુનિક ફાઈલીંગ પદ્ધતિમાં શું ફેરફાર જોવામાં આવ્યો. નીચેનામાંથી સાચા તારણ જણાવો.

1. વિષયો પર આધારિત ફાઈલો ખોલવી
2. દરેક કાગળ જુદા-જુદા નોંધવામાં આવ્યા
3. અગત્યના અને ઓછા અગત્યના કાગળો જુદા પાડવામાં આવ્યા
4. ફાઈલ વિષયમાં મુખ્ય અને ગૌણ વિષય લખવામાં આવ્યા

(A) 1 અને 4
(B) 2 અને 3
(C) 3 અને 4
(D) 2 અને 4

173. પૂર્વ કાળથી વપરાતી લેખન સપાટીની ઓળખ આપો.

1. પથ્થર, ઈંટ, માટી, ધાતુ
2. શાહી, કુદરતી રંગો
3. તાડપત્ર, ભોજપત્ર, પાર્ચમેન્ટ
4. કાપડ, કાગળ અને આધુનિક માધ્યમો

(A) 1 અને 2
(B) 3
(C) 1 અને 4
(D) 1, 3 અને 4

174. લેખન માધ્યમોનો પરિચય નીચેનામાંથી આપો.

1. શાહી, કલમ, ખડિયા
2. બરૂ, સોયા, ટાંકણું
3. આંકણી, રંગ, પીછી
4. શંખ - છીપલાં

(A) 1 થી 3
(B) 2 અને 3
(C) 4
(D) 1 અને 2

175. શાહીના પ્રકાર જણાવો.

1. લેખન કાર્ય માટેની શાહી
2. ટાઈપ રાઈટરની શાહી
3. મુદ્રણ કાર્ય માટેની શાહી

ઉપરનામાંથી સાચા ઉદાહરણ જણાવો

(A) 1 અને 3
(B) 1, 2 અને 3
(C) 2 અને 3
(D) 1

176. કાગળની શોધ ક્યાં અને ક્યારે થઈ ? નીચેનામાંથી સાચો જવાબ જણાવો.

(A) ભારતમાં સાતમી સદી
(B) ચીન 1લી શતાબ્દી
(C) જાપાન 3જી સદી
(D) કોરીયા 2જી સદી

177. કાગળની બનાવટનો મુખ્ય આધાર અથવા ટકાઉપણું .......... પર છે.

(A) રેઝીન
(B) સેલ્યુલોઝ
(C) સ્ટાર્ચ
(D) રંગો

178. હાથ બનાવટનો કાગળ મજબૂત હોય છે. નીચે આપેલ કારણોમાંથી જણાવો.

1. આ કાગળમાં સેલ્યુલોઝના રેસા જાળી રૂપે હોવાથી મજબૂતાઈ આવે છે.

2. આ કાગળ મુખ્યત્વે રૂ, સીલ્ક કે ઉનના જૂના - નવા ચીંધરામાંથી બનાવવામાં આવે છે.

3. વિરંજન પ્રક્રિયા કરીને તૈયાર કરવામાં આવે છે.

4. લોખંડની અશુધ્ધીઓ ભળેલી હોય છે.

(A) 2 અને 3 (B) 1

(C) 1, 2 અને 3 (D) 3 અને 4

179. ફોટોગ્રાફિક પેપર તેનો ઉપયોગ ન થાય ત્યાં સુધી અંધારામાં જ રાખવો પડે છે. કારણ જણાવો.

1. સિલ્વર હેલાઈડનું સ્તર પેપરની એક સપાટી ઉપર હોય છે.

2. કાગળ પ્રકાશ સંવેદનશીલ છે.

3. કાગળ પ્રકાશ સંવેદનશીલ નથી માટે

(A) 1 અને 2 (B) 2

(C) 3 (D) 1 અને 3

180. કાગળની બનાવટમાં વિરંજન પ્રક્રિયાની જરૂરીયાત નીચે આપેલ કારણોમાંથી જણાવો.

1. કાગળના માવામાંથી અશુધ્ધીઓ દૂર કરવા માટે

2. કાગળને સફેદ બનાવવા માટે

3. કાગળને રંગીન બનાવવા માટે

(A) 2 (B) 3

(C) 1 અને 2 (D) 1 અને 3

181. અગાઉ કાગળ અને શાહીથી લખાતા દસ્તાવેજો સમયે શાહીચૂસ પ્રકારનો કાગળ સાથે રાખવામાં આવતો હતો. આ માટેનું કારણ જણાવો.

(A) આ કાગળ જાડો અને પોલો હોવાથી શાહી ચૂસી શકતો

(B) આ કાગળમાં કાંજીકરણની પ્રક્રિયા થઈ ન હોવાથી પ્રવાહી ઝડપથી ચૂસી શકે છે

(C) હાથ બનાવટનો હોવાથી શાહી ચૂસી શકે છે

(D) દરેક કાગળનો શાહી - પ્રવાહી ચૂસી શકવાનો ગુણ ધર્મ હોય છે

182. કાગળની ગુણવત્તા માટે 'પીએચ માપન' અગત્યની પ્રક્રિયા છે. આ માટેનું નીચેનામાંથી યોગ્ય તારણ જણાવો.

1. કાગળમાં રહેલ એસિડિક્તાનું પ્રમાણ નક્કી કરી શકાય છે.

2. એસિડિક્તા ઘટે તેમ પીએચ વધે.

3. ઓછી પીએચ વાળો કાગળ એસિડિક હોય છે જે બરાબર નથી.

(A) 2 અને 3 (B) 1

(C) 1 અને 2 (D) 1, 2 અને 3

183. સારા કાગળ માટે કેટલી પીએચ મૂલ્ય યોગ્ય મનાય છે ?

(A) વધુ પીએચ મૂલ્ય (B) ઓછી પીએચ મૂલ્ય

(C) 5 થી 7 વચ્ચેની પીએચ મૂલ્ય (D) 10 પીએચ મૂલ્ય

184. દફતરોની લાક્ષણિકતા જણાવો.

1. મૂળભૂતતા 2. અદ્રિયતા 3. ક્રમિકતા 4. સમગ્રપણું

(A) 1 (B) 2

(C) 3 અને 4 (D) 1 થી 4

185. 'જાહેર દફતરો સાચવણી માટે છે.' – આ સૂત્ર નીચે દર્શાવેલ વિધાનોમાંથી કોણે આપ્યું હતું તે જણાવો.

(A) એસ.એ.આઈ તિરમિઝી (B) પૂર્ણેન્દુ બાસુ

(C) યશપાલ કથપાલીયા (D) ડૉ. એસ.આર.રંગનાથન

186. કાગળ-દફતરોના મુખ્ય વિનાશક પરિબળો કેવા પ્રકારના હોય છે. તે દર્શાવો.

1. ભૌતિક પરિબળો 2. જૈવિક પરિબળો 3. રાસાયણિક પરિબળો 4. અન્ય કુદરતી પરિબળો

(A) 1 થી 4 (B) 3 અને 4

(C) 1 થી 3 (D) 2

187. દફતરોને નુકશાન કરતા પરિબળોનો સાચો પરિચય નીચે આપેલ ઉદાહરણોમાંથી આપો.

1. આર્દ્રતા – ભેજનું પ્રમાણ

2. ઉષ્ણતા – વધુ ગરમીનું પ્રમાણ

3. પ્રકાશ – ઓછો પ્રકાશ

4. વધુ તીવ્ર પ્રકાશ

(A) 1 અને 2 (B) 1, 2 અને 4

(C) 2 અને 3 (D) 4

188. રાસાયણિક પરિબળોથી દફતરોને નુકશાન થાય છે. આ માટેના કારણભૂત એવા રસાયણોના નામ આપો.

1. સોડિયમ હાઈડ્રોક્સાઈડ 2. સોડિયમ સલ્ફેટ 3. કેલ્શિયમ સલ્ફાઈટ 4. સિલિકા જેલ

(A) 1 થી 3 (B) 1 અને 2

(C) 3 અને 4 (D) 4

189. કાગળને નુકશાન કરતા જંતુઓ - કીટકોના નામ દર્શાવેલ નામોમાંથી જણાવો.

1. ફૂગ - સૂક્ષ્મ જીવાણું 2. ઉધઈ 3. ગ્રંથ-જૂ, રજત-મીન 4. વંદા

(A) 2 (B) 4

(C) 1 થી 4 (D) 1 અને 3

190. થાયમોલ ધ્રુમ પ્રક્રિયાનો ઉપયોગ નીચે જણાવેલ કયા જંતુઓના નાશ માટે થાય છે ?

1. ફૂગના નાશ માટે 2. ઉધઈના નાશ માટે 3. રજત-મીનના નાશ માટે

(A) 2 (B) 3

(C) 1 અને 2 (D) 1

191. ગ્રંથ કીટક, ગ્રંથ-જૂ, રજત-મીન અને વંદાથી દફતરોને થતું નુકશાન અટકાવવાના યોગ્ય પગલાં બતાવો.

1. ભેજનું પ્રમાણ ઘટાડવું વાતાનૂકુલનનું આયોજન કરવું

2. નેપ્થેલીન બ્રીક્સ દફતરોમાં મૂકવી

3. ધ્રુમ વિષ પ્રક્રિયાઓ કરવી

4. દફતરો ઉપર દવાઓનો છંટકાવ કરવો

(A) 1 અને 2 (B) 1 થી 3

(C) 4 (D) 1 અને 4

192. દફતરોને સૌથી વધુ નુકશાન 'ઉધઈ'થી થતું હોય છે. તેનાથી દફતરોને બચાવવા માટે દફતરખંડ કે દફતર ભંડારની રચના કેવી હોવી જોઈએ. નીચે દર્શાવેલ પગલાંમાંથી સાચા ઉપાય બતાવો.

1. જમીનથી એક ફૂટ સુધીની દિવાલો ભેજ પ્રતિરોધક હોવી જોઈએ

2. પાણી અને ગટરના જોડાણને દૂર રાખવા

3. લાકડાંનો ઓછો ઉપયોગ કરવો

4. દફતર ભંડારનું તળિયું સિમેન્ટ - કોંક્રીટનું હોવું જોઈએ

(A) 1 થી 4 (B) 2 અને 4

(C) 1 થી 3 (D) 4

193. 'દફતરોને વધારે નુકશાન માનવી દ્વારા થતું હોય છે.' — આ કથન અંગેની તથ્યતા નીચે આપેલ વિધાનોમાંથી દર્શાવો.

1. દફતરખંડમાં ખાદ્ય પદાર્થ કે પ્રવાહી લઈ જવાની મનાઈ હોવી જોઈએ. તેનાથી નુકશાન થાય છે.

2. કર્મચારી - સંશોધકો વગેરેથી ઘણી વખત બેકાળજીથી દફતરોને નુકશાન થાય છે.

3. દફતરોને યોગ્ય જગ્યાએ મુકવામાં આવતા નથી.

4. દફતરોને પછાડવા, પાન વાળવા, ગંદા હાથથી અડવું, લીટીઓ દોરવી વગેરેથી નુકશાન થાય છે.

(A) 2 અને 3 (B) 4

(C) 1 થી 4 (D) 2

194. દફતર ભંડારમાં અગ્નિશામક પ્રક્રિયામાં પાણીનો ઉપયોગ ખાસ સંજોગોમાં જ કરવો જોઈએ. વિધાન અંગેનું કારણ જણાવો.

1. પાણીથી દફતરો પલળીને નાશ પામે છે.

2. લખાણો ધોવાઈ જાય છે.

(A) 1 (B) 2

(C) 1 અને 2 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

195. બે બાજુ લખાણ વાળા, પાણીમાં અદ્રાવ્ય શાહીવાળા અને ખુબજ બરડ દસ્તાવેજોની મરામત માટે .......... મરામત પ્રક્રિયા જરૂરી છે.

(A) કાંજી કરણ (B) ટિસ્યુ કાપડ મરામત

(C) શિફોન કાપડ મરામત (D) કાગળની પટ્ટીઓ મુકવી

196. પાણીમાં અદ્રાવ્ય બન્ને બાજુ ઘાઢાં લખાણ વાળા ઓછા નુકશાન વાળા દસ્તાવેજોની .......... મરામત પ્રક્રિયા જરૂરી છે.

(A) ટિસ્યુ (B) શિફોન

(C) લેમીનેશન (D) સામાન્ય મરામત

197. એકજ ફાઈલમાં દસ્તાવેજો અલગ-અલગ કદના હોય ત્યારે મરામત માટે .......... પદ્ધતિ જરૂરી બને છે.

(A) ટિસ્યુ (B) શિફોન

(C) બાંધણી (D) ઈન્લેઈંગ

198. બે બાજુ લખાણ વાળા, એસિટોનમાં અદ્રાવ્ય બરડ દસ્તાવેજોની મરામત માટે .......... પ્રક્રિયા જરૂરી છે.

(A) બાંધણી (B) ઈન્લેઈંગ

(C) શિફોન (D) હેન્ડ અથવા મશીન લેમીનેશન

199. દફતર ભંડારમાં ફાઈલોની બાંધણી (બાઈન્ડીંગ) કામગીરી કયા તબક્કે હાથ ધરવી જોઈએ ?

(A) દસ્તાવેજ મરામત પ્રક્રિયા પુરી થયા બાદ (B) મરામત પ્રક્રિયા પહેલાં

(C) ફાઈલ દફતર ખંડમાં આવે તે પહેલાંજ (D) સંશોધકને આપવામાં આવે ત્યારે

200. નકશા - ચાર્ટની મરામત માટે .......... પ્રક્રિયા કરવી જરૂરી હોય છે.

(A) ઈન્લેઈંગ (B) માઉન્ટીંગ અને વિભાગીકરણ

(C) સામાન્ય મરામત (D) કાગળની પટ્ટીઓ મૂકવાની

201. દફતર ભંડાર ભવનની રચના માટે જરૂરી પરિબળો જણાવો.

1. વસ્તીની નજીક કેન્દ્રમાં હોવું જરૂરી.

2. સ્થળ પસંદગી અને યોગ્ય ડીઝાઈન

3. ઉષ્ણતામાન

4. તળાવ કે નદીની નજીક

(A) 1 અને 4 (B) 3

(C) 2 અને 3 (D) 1

202. ફાઈલના દસ્તાવેજો ઉપર ટાંકણી, યુ-પીન વગેરેના કારણે કાટના ડાઘા તથા ખાદ્ય પદાર્થના ડાઘા જોવા મળે છે. જેને દૂર કરવાના ઉપાયો સૂચવો.

1. જલીય તેજાબીકરણ પ્રક્રિયાનો ઉપયોગ

2. વિવિધ કાર્બનિક દ્રાવકોનો ઉપયોગ

3. પાણીનો ઉપયોગ

(A) 3 (B) 1

(C) 1 અને 2 (D) 2

203. પ્રાચીન લિપિઓના અભ્યાસની વિદ્યાનો અંગ્રેજી શબ્દ ..........

(A) એપીગ્રાફી (Epigraphy) (B) ઈન્સ્ક્રીપ્શન (Inscription)

(C) આર્કીઓલોજી (Archeology) (D) પેલીઓગ્રાફી (Paleography)

204. બ્રાહમી લિપિના અભિલેખનો જાણીતો અવશેષ ગુજરાતના કયા શહેરમાં છે ?

(A) વડનગર (B) મોઢેરા

(C) અમદાવાદ (D) જુનાગઢ

205. મુગલકાલીન દફતર વ્યવસ્થાની માહિતી .......... ગ્રંથમાંથી મળે છે.

(A) જહાંગીર નામા (B) આઈન-એ-અકબરી

(C) અકબર નામા (D) દસ્તુર-અલ-અમલ

206. મરાઠા સમયની દફતર વ્યવસ્થા સંભાળતા અધિકારીને .......... નામથી ઓળખવામાં આવતા હતા.

(A) હઝુર દફતર (B) દફતરી-દિવાન-એ-સુબા

(C) દફતરદાર (દફતર ભંડારી) (D) કુમાવિસદાર

207. ઈમ્પીરિયલ રેકર્ડ ડિપાર્ટમેન્ટની સ્થાપના ક્યાં અને ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1891માં કલકત્તા (B) ઈ.સ. 1926માં દિલ્હીમાં

(C) ઈ.સ. 1806માં મદ્રાસ (D) ઈ.સ. 1821માં મુંબઈ

208. પૂર્વકાલીન ઈજિપ્તમાં લેખન સપાટી તરીકે .......... પ્રચલિત માધ્યમ હતું.

(A) કાગળ (B) તામ્રપત્ર

(C) પાર્ચમેન્ટ (D) પેપાયરસ

209. લેખન સપાટી તરીકે ભૂર્જપત્રોનો ઉપયોગ ભારતમાં કયા કયા પ્રદેશોમાં થતો હતો ?

1. કેરળ 2. તામિલનાડુ 3. હિમાચલપ્રદેશ 4. કાશ્મીર

(A) 1 (B) 1 અને 2

(C) 3 અને 4 (D) 4

210. દફતરોના પ્રકારના સંદર્ભમાં કેસ ફાઈલ - એક વિષયને જ લગતી ફાઈલોના સંપુટને .......... કહે છે.

(A) ડોઝીયર (B) ઈન્વેન્ટરી

(C) મેન્યુસ્ક્રીપ્ટ (D) ડાયરી

211. દફતરનું સ્વરૂપ દર્શાવો.

1. બુક, વોલ્યુમ, ચિત્ર

2. ફાઈલ, સીંગલ શીટ, નકશા, ચાર્ટ વગેરે

3. પ્રિન્ટ કૉપી, ઝેરોક્ષ કૉપી વગેરે

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 2 (D) 3

212. દફતરોના પ્રકાર જણાવો.

1. સર્જાએલ દફતર

2. છપાયેલ દફતર - ન્યૂઝ પેપર વગેરે

3. સ્ટીલ-મોશન અપિયર્સ, ફીલ્મ અને માઈક્રોફીલ્મ

(A) 1 (B) 1 થી 3

(C) 2 (D) 3

213. સરકારનો વહીવટ સાચવવામાં કરવામાં જે દફતર તૈયાર થાય છે અને સરકારના કબજામાં હોય છે તેને .......... રેકોર્ડ દફતર કહેવામાં આવે છે.

(A) જાહેર સંસ્થા રેકોર્ડ (B) અર્ધ જાહેર સંસ્થા રેકોર્ડ

(C) ખાનગી સંસ્થા (D) વ્યક્તીગત રેકોર્ડ

214. રીપ્રોગ્રાફી-પ્રત્યાલેખન દફતર ભંડારમાં સૌથી મહત્વનો વિભાગ છે. જેની વ્યાખ્યા આપો.

1. જેવું છે તેવું જ લખાણ. 2. અસલ જેવું જ લખાણની નકલ. 3. રી-ફરીથી પ્રો-તેવુંજ, ગ્રાફી-લખાણ

(A) 3 (B) 2

(C) 1 થી 3 (D) 1

215. પ્રત્યાલેખનના ફાયદા જણાવો.

1. અસલ જેવી જ કૉપી 2. ઝડપી અને સસ્તી પ્રક્રિયા 3. કાયમી પણું 4. મોંઘી અને ધીમી પ્રક્રિયા

(A) 1 અને 3 (B) 1, 2 અને 3

(C) 4 (D) 1 અને 4

216. પ્રત્યાલેખન પ્રોસેસના પ્રકાર જણાવો.

1. કોપીઈંગ પ્રોસેસ 2. ડુપ્લીકેટીંગ પ્રોસેસ 3. માઈક્રોગ્રાફ

નીચેનામાંથી યોગ્ય પ્રકાર જણાવો.

(A) 3 (B) 1

(C) 2 અને 3 (D) 1 અને 2

217. કૉપીઈંગ ટેકનીકમાં .......... મુખ્ય પ્રોસેસ પ્રક્રિયા છે.

(A) હેક્ટોગ્રાફી | (B) સીલ્વર હેલાઈડ
(C) પ્રિન્ટીંગ | (D) ઝેરોક્સ

218. ઈલેક્ટ્રોગ્રાફી પ્રોસેસ .......... ટેકનીકનો એક ભાગ છે.

(A) કૉપીઈંગ ટેકનીક | (B) ડુપ્લીકેટીંગ ટેકનીક
(C) માઈક્રોગ્રાફી ટેકનીક | (D) ઝેરોગ્રાફી ટેકનીક

219. રીપ્રોગ્રાફીની ઉપયોગીતા નીચેના ઉદાહરણોના આધારે દર્શાવો.

1. ઓફીસ-કોપીઈંગ ક્ષેત્રમાં ઉપયોગ
2. માઈક્રોફીલ્મીંગથી અગત્યના દસ્તાવેજોની સલામતી
3. સ્ટોરેજની ઓછી જગ્યા, કોમ્પ્યુટરનો ઉપયોગ
4. સરળતાથી રેફરન્સ તરીકે ઉપયોગ, આદાન-પ્રદાન

(A) 3 અને 4 | (B) 1 અને 2
(C) 1 થી 4 | (D) 2 અને 3

220. માઈક્રોફોટોગ્રાફી પ્રક્રિયા .......... ટેકનીકમાં આવે છે.

(A) ડુપ્લીકેટીંગ ટેકનીક | (B) સીલ્વર હેલાઈડ પ્રોસેસ
(C) પ્રિન્ટીંગ મેથડ | (D) થર્મોગ્રાફી

221. ઈલેક્ટ્રોગ્રાફી કોપીઈંગ ટેકનીકમાં તથા ડુપ્લીકેટીંગ પ્રોસેસમાં ઉપયોગી સાધનો જણાવો.

1. ઝેરોક્ષ મશીન 2. કોપીઅર મશીન 3. સ્ક્રીન પ્રિન્ટીંગ મશીન 4. સ્ટેન્સીલ ડુપ્લીકેટીંગ

(A) 1 | (B) 2, 3 અને 4
(C) 1 અને 2 | (D) 1 થી 4

222. ફોટોગ્રાફી માટે જરૂરી સાધનોનો પરિચય આપો.

1. કેમેરા - પીક્ચર લેવા માટે 2. લાઈટ સેન્સીટીવ મટીરીઅલ 3. પ્રોસેસીંગ કેમીકલ અને કોન્ટેક્ટ પ્રિન્ટીંગ

(A) 1 | (B) 2 અને 3
(C) 4 | (D) 1 થી 3

223. મૂળ સાઈઝ કરતાં ખુબજ નાની (લઘુ) સાઈઝમાં ફોટોગ્રાફ લેવું જેને .......... કહેવામાં આવે છે.

(A) ઝેરોક્ષ | (B) માઈક્રોફોટોગ્રાફી
(C) ફોટોગ્રાફી | (D) ઝૂમ ફોટોગ્રાફી

224. માઈક્રોફોટોગ્રાફીનો ઉપયોગ સૌથી વધારે ક્યાં કરવામાં આવે છે ?

1. પ્રિન્ટીંગ કામમાં 2. દફતર ભંડારમાં - દસ્તાવેજો માટે 3. ફોટોગ્રાફી માટે

(A) 2 | (B) 1
(C) 1 અને 2 | (D) 3

225. માઈક્રોફિલ્મ કેવી રીતે વાંચી શકાય છે ?

(A) ફીલ્મને લાઈટના બેકગ્રાઉન્ડથી | (B) પ્રોજેક્ટર દ્વારા
(C) નરી આંખે વાંચી શકાય છે | (D) માઈક્રોફીલ્મ રીડર નામના સાધનથી

226. માઈક્રોફોટોગ્રાફી માટેના કેમેરાના પ્રકાર જણાવો.

1. સાદા કેમેરા 2. ઝૂમ વાળા કોઈ પણ કેમેરા 3. રોટરી પ્રકારના કેમેરા 4. પ્લેનટરી કેમેરા

(A) 1 અને 2 (B) 2

(C) 4 (D) 3 અને 4

227. માઈક્રોફીલ્મના પ્રકાર જણાવો.

1.35 એમ.એમ. અથવા 16 એમ.એમ. ફીલ્મ રોલ 2. એપરચર કાર્ડ 3. જેકેટ

(A) 1 (B) 1 થી 3

(C) 2 અને 3 (D) 1 અને 3

228. માઈક્રોફીશ, મેગ્નેટીક ટેપ, વિડિયો ડીસ્ક .......... ના પ્રકાર છે.

(A) માઈક્રોફોમ (B) ડાઈઝોગ્રાફી

(C) હેક્ટોગ્રાફી (D) થર્મોગ્રાફી

229. દફતર ભંડાર કેવા પ્રકારના દસ્તાવેજોનું માઈક્રોફીલ્મીંગ કરવામાં આવે છે ?

(A) ફક્ત નકશા - ચાર્ટ માટે (B) ફક્ત રેર પુસ્તકો

(C) ખૂબજ મહત્વના - કાયમ સાવવાપાત્ર દસ્તાવેજો (D) દરેક દસ્તાવેજો

230. માઈક્રોફીલ્મ સાચવણીના ઉપાયો જણાવો.

1. વાતાનૂકૂલન વ્યવસ્થા જરૂરી

2. ભેજ અને ગરમીથી સાચવણી

3. માસ્ટર કોપી અને અન્ય કોપી અલગ-અલગ સ્થળે રાખવી

4. રોલ-ફીલ્મનું અવારનવાર ટેસ્ટીંગ

(A) 1 (B) 1 અને 2

(C) 3 અને 4 (D) 1 થી 4

231. પ્રત્યાલેખન વિભાગમાં મહત્વના સાધનોના નામ જણાવો.

1. ઝેરોક્ષ - કોપીઅર મશીનો, સ્કેનર

2. રોટરી, પ્લેનેટરી કેમેરા, રીડર, પ્રોસેસર

3. કોમ્પ્યુટર, પ્રિન્ટર, ડાર્ક રૂમ અને સ્ટોરેજ

(A) 1 થી 3 (B) 1

(C) 3 (D) 1 અને 2

232. રેકર્ડનું ડીજીટાઈઝેશન શાથી મહત્વનું બન્યું છે ?

1. મૂળ દસ્તાવેજો અલગથી સચવાઈ રહે છે.

2. અસલ દસ્તાવેજોની પ્રતિલિપીઓ ઝડપથી મેળવી શકાય છે.

3. દસ્તાવેજોની વિગત-કોપીઓ સરળતાથી હેર-ફેર થઈ શકે છે.

(A) 3 (B) 1

(C) 1 થી 3 (D) 2

233. દફતર ભંડારમાં રેકોર્ડના ડીજીટાઈઝેશનની મર્યાદાઓ જણાવો.

1. મૂળ દસ્તાવેજોનું મહત્વ ઓછું નથી થતું.

2. લીગલ સપોર્ટ નથી.

3. ડીજીટાઈઝ રેકર્ડ કાયમી રીતે સચવાતું નથી.

4. ડીજીટલ આર્કાઈઝ વીકસાવવું અને તેનું ટેકનીકલ સ્ટાન્ડર્ડ જાળવવું અગત્યનું છે.

(A) 1 થી 4 (B) 2 અને 3

(C) 1 અને 2 (D) 3

234. માઈક્રોફીલ્મ ચકાસણી માટેના ધોરણ જણાવો.

1. ઘનતા 2. રેઝોલ્યુશન 3. માપ 4. ફીલ્મ-બ્રાન્ડ

(A) 1 (B) 2 અને 3

(C) 4 (D) 1 થી 3

235. કાર્ટોગ્રાફી એટલે શું ?

1. નકશા તૈયાર કરવાની કલા 2. નકશા સાચવવા અને ઉપયોગની રીત 3. નકશા છાપવાની કલા

(A) 2 (B) 1 અને 2

(C) 3 (D) 1 થી 3

236. ડીજીટાઈઝેશન પછી દફતર ભંડારમાં અસલ રેકર્ડનું મહત્વ કેટલું રહે છે ?

1. કોઈજ મહત્વ નથી રહેતું.

2. અસલ રેકર્ડ નાશ કરી દેવામાં આવે છે.

3. મહત્વ એટલુંજ રહે છે.

4. ડીજીટાઈઝેશન બાદ પણ રેકર્ડ એજ રીતે સાચવવાનું રહે છે.

(A) 1 અને 2 (B) 3

(C) 2 અને 3 (D) 4

237. ગુ.રા.દ. ભંડારમાં વિદેશી સંશોધક સંશોધન કરવા માંગતા હોય ત્યારે તેઓને પરવાનગી માટેના ચોક્કસ નિયમો હોય તો તે જણાવો.

1. ભારત ખાતેના જે તે રાજદ્વારીની ભલામણ પત્ર સાથેની અરજી

2. સીધી અરજી કરી શકે છે.

3. વિદેશી સંશોધકને ભારત સરકાર તરફથી તેના પ્રોજેક્ટ-વિષયની મંજુરી મળ્યા બાદ તેમજ ગુ.સરકારની મંજુરી મળ્યા બાદ

4. આવા કોઈ નિયમો નથી.

(A) 1 (B) 3

(C) 4 (D) 1 અને 3

238. ભારત સરકારનો 'પબ્લીક રેકર્ડ એક્ટ' ક્યારે બહાર પાડવામાં આવ્યો હતો ?

(A) ઈ.સ. 1993 (B) ઈ.સ. 1981

(C) ઈ.સ. 1997 (D) ઈ.સ. 1917

239. ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કૉ. સમયમાં સૌ-પ્રથમ દફતર ભંડાર (આર્કાઈવ્ઝ)ની શરૂઆત કયા શહેરમાંથી થઈ હતી ? નીચે આપેલ શહેરોમાંથી જણાવો.

(A) દિલ્હી
(B) મુંબઈ
(C) મદ્રાસ
(D) કલકત્તા

240. બ્રિટીશ સમયમાં રાષ્ટ્રીયકક્ષાનું આર્કાઈવ્ઝ સૌ-પ્રથમ ક્યાંથી અને ક્યારે શરૂ થયું હતું ?

(A) મદ્રાસ ઈ.સ. 1809
(B) મુંબઈ ઈ.સ. 1821
(C) કલકત્તા ઈ.સ. 1891
(D) દિલ્હી ઈ.સ. 1950

241. ઈન્ડિયન હિસ્ટોરીકલ રેકર્ડ કમિશન (I.H.R.C.) ની સ્થાપના ક્યારે થઈ હતી ?

(A) 10 જાન્યુઆરી 1920
(B) 20 ઓગષ્ટ 1950
(C) સપ્ટે. 1951
(D) 21 માર્ચ 1919

242. દફતર ભંડાર (આર્કાઈવ્ઝ)માં મુખ્યત્વે કયા-કયા વિભાગો હોવા જરૂરી છે ?

1. સંરક્ષણ અને મરામત વિભાગ
2. પ્રત્યાલેખન અને તાલીમ વિભાગ
3. સંશોધન કક્ષ - પ્રકાશન - પ્રદર્શન વિભાગ
4. જાહેર વાંચનાલય

(A) 1 થી 3
(B) 2 અને 3
(C) 1
(D) 4

243. રાજ્ય સરકારોના દફતર ભંડારોની માર્ગદર્શક સંસ્થાનું નામ આપો. (ટેકનીકલ બાબતો અંગે)

(A) જે તે રાજ્ય સરકાર
(B) યુનાઈટેડ નેશન્સ
(C) રાષ્ટ્રિય અભિલેખાગાર
(D) ભારતીય રાષ્ટ્રીય વૈજ્ઞાનીક પ્રલેખન કેન્દ્ર (ઈન્સડોક)

244. ઈતિહાસ નિરૂપણમાં દફતરોનું પ્રદાન શું છે તે અંગેના તારણ આપો.

1. ઈતિહાસ અન્વેષણમાં પુરાવા સ્વરૂપ પ્રથમ કક્ષાના દસ્તાવેજો.
2. લોકશાહી વહીવટમાં આજના પ્રશ્નો-ભૂતકાળના વારસો હોઈ તે સમજવા અને જાણવાનો હક્ક પ્રજાને હોઈ આવા દફતરો મહત્વના
3. માનવ પ્રવૃત્તિઓની - માનવી દ્વારા સર્જાયેલ પ્રવૃત્તિઓની સામગ્રી હોઈ તેનું મહત્વ
4. આ પુરાવા ઘણી વખત સાચા નથી હોતા કે અધૂરાં હોય છે તેથી મહત્વ નથી

(A) 1
(B) 1 થી 3
(C) 4
(D) 2

245. રાષ્ટ્રિય અભિલેખાગાર ભારત સરકારની અન્ય શાખાઓ નીચેનામાંથી કયા શહેરોમાં આવેલી છે ?

1. અમદાવાદ  2. ભોપાલ  3. પોંડીચેરી  4. કલકત્તા

(A) 1
(B) 4
(C) 1 અને 3
(D) 3 અને 4

246. જુનાગઢ સ્ટેટના ગેઝેટની શ્રેણીનું નામ આપો.

(A) દરબારી ગેઝેટ
(B) દસ્તૂર-એ-અમલ
(C) જુનાગઢ ગેઝેટ
(D) આજ્ઞા પત્રિકા

247. બ્રિટિશ રેસીડેન્સીના તમામ રેકર્ડના કસ્ટોડિઅન .......... છે.

(A) ગુ.રાજ્ય દફતર ભંડાર (B) મહારાષ્ટ્ર આર્કાઈન્ઝ, મુંબઈ

(C) મદ્રાસ અભિલેખાગાર, મદ્રાસ (D) રાષ્ટ્રિય અભિલેખાગાર, ભારત સરકાર

248. ઈન્ડીઅન હિસ્ટોરીકલ રેકર્ડ કમિશન - સ્થાપનાના મુખ્ય ધ્યેયો કયા હતા જણાવો.

1. સંશોધન પ્રવૃત્તિને વેગ આપવા.

2. સંશોધકોને દસ્તાવેજો ઉપલબ્ધ થાય તે માટે સંદર્ભ માધ્યમો તૈયાર કરાવવા.

3. દફતરો આધારીત પ્રકાશનો બહાર પાડવા.

4. દફતર વિશેની તાલીમ આપવી.

(A) 1 થી 3 (B) 1 અને 2

(C) 3 અને 4 (D) 2

249. ગુજરાત રાજ્ય દફતર ભંડાર અને રાષ્ટ્રિય અભિલેખાગારથી અલગ કેવી રીતે છે તે દર્શાવો.

1. ગુ.રા.દ.ભં.માં પ્રાદેશીક દફતરો રાખવામાં આવે છે.

2. રાજ્ય સરકારના વહીવટના રેકોર્ડ.

3. રાજ્ય સરકારના તાબામાં હોય છે.

4. ભારત સરકારના આદેશ પ્રમાણે કામ કરે છે.

(A) 4 (B) 1 અને 2

(C) 2 (D) 1, 2 અને 3

250. ગુજરાત રાજ્ય દ.ભંડારની મુખ્ય પ્રવૃત્તિઓ જણાવો.

1. રાજ્ય સરકારની તમામ સરકારી કચેરીઓની રેકર્ડ વ્યવસ્થા અંગે માર્ગદર્શન આપવું.

2. રાજ્યમાં સરકારી કચેરીઓમાંથી નોન કરન્ટ કાયમી પ્રકારનું રેકર્ડ મેળવવું.

3. ખાનગી વ્યક્તિઓ સંસ્થાઓ પાસેથી ઐતહાસીક રેકર્ડ મેળવવા પ્રયત્ન કરવો.

4. સંશોધન માટે મદદ, પ્રકાશન, પ્રદર્શન વગેરે શૈક્ષણિક કામગીરી હાથ ધરવી.

(A) 1 થી 4 (B) 3 અને 4

(C) 1 અને 2 (D) 1 થી 3

251. દ.ભંડાર (આર્કાઈવ્ઝ)માં કામ કરતા કર્મચારી/અધિકારી શૈક્ષણિક લાયકાત અને તાલીમ મેળવેલ હોવા જોઈએ તે માટેના કારણો જણાવો.

1. તાલીમની કોઈજ જરૂર હોતી નથી.

2. સામાન્ય રેકર્ડ અંગેની જાણકારી પૂરતી હોય છે.

3. દ.ભંડારમાં ઐતહાસિક વારસો ધરાવતું, વિવિધ વિષયોનું મહત્વનું રેકર્ડ સંગ્રહાયેલ છે, જેની જાણકારી સ્ટાફ માટે જરૂરી છે.

4. આર્કીવલ સાયન્સ (દફતર વિદ્યા) એક અલગ જ સ્કીલ ધરાવતો વિષય છે.

(A) 3 અને 4 (B) 1

(C) 1 અને 2 (D) 3

252. દફતર (આર્કાઈવ્ઝ) ક્ષેત્રમાં કામ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા આઈ.સી.એ.નું પુરૂ નામ .......... છે.

(A) ઈન્ટરનેશનલ આર્કાઈવ્ઝ કોંગ્રેસ (B) ઈન્ટરનેશનલ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ

(C) ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓન આર્કાઈવ્ઝ (D) નેશનલ કમિટી ઓફ આર્કીવીસ્ટ

253. આઈ.સી.એ.નું મુખ્ય મથક .......... માં છે.

(A) લંડન
(B) પેરીસ
(C) દિલ્હી
(D) સીઓલ

254. દ.ભંડાર દ્વારા પ્રકાશન અને પ્રદર્શન પ્રવૃત્તિ શા માટે મહત્વની છે. સમજાવો.

1. પ્રજાને તેના ઐતહાસિક વારસાની માહિતી મળે.
2. પોતાના પ્રવેશનો ઈતિહાસ પ્રજાને જાણવા મળે.
3. પ્રદેશમાં ભૂતકાળમાં બનેલી કેટલીક મહત્વની ઘટનાઓ પરિવર્તનોની જાણકારી.
4. સરકારી નીતિઓના પ્રચાર માટે.

(A) 4
(B) 1
(C) 2 અને 3
(D) 1, 2 અને 3

255. દફતર પ્રવૃત્તિ તથા માહિતી અંગે રાજ્ય દ.ભંડાર તરફથી બહાર પડતા સામયિકનું નામ આપો.

(A) રાજદફતર
(B) ઈતિહાસ
(C) અભિલેખ
(D) ધી ઈન્ડિયન આર્કાઈવ્ઝ

256. ગુજરાત રાજ્ય દફતર ભંડારની સ્થાપના .......... વર્ષમાં થઈ.

(A) 1960
(B) 1971
(C) 1964
(D) 1980

257. ગુ.રા.દ.ભંડાર ખાતાનું મુખ્ય મથક ક્યાં આવ્યું છે ?

(A) અમદાવાદ
(B) ગાંધીનગર
(C) વડોદરા
(D) રાજકોટ

258. 1960માં અલગ ગુજરાત રાજ્ય બન્યું તે પહેલાના દફતરો ક્યાં-ક્યાં સંગ્રહાયેલ છે ?

1. મુંબઈ આર્કાઈવ્ઝ તથા કેટલાંક ગોવામાં
2. રાષ્ટ્રીય અભિલેખાગાર, દિલ્હી - એજન્સી રેકર્ડ
3. રજવાડાઓનું રેકર્ડ, ગુ.રા. દ.ભંડારમાં
4. પહેલાનું અને પછીનું તમામ રેકર્ડ ગુ.રા.દ.ભંડારમાં સંગ્રહાયેલ છે.

(A) 4
(B) 3
(C) 1 થી 3
(D) 2

259. આઝાદીની લડતમાં ગુજરાત પ્રદેશની ભૂમિકા અંગે સંશોધન માટે કયા-કયા દફતર ભંડારોની મુલાકાત લેવી જોઈએ ?

1. ગુજરાત રાજ્ય દફતર ભંડાર
2. મહારાષ્ટ્ર આર્કાઈવ્ઝ, મુંબઈ
3. રાષ્ટ્રીય અભિલેખાગાર, દિલ્હી
4. ફક્ત ગુજરાત રાજ્ય દફતર ભંડાર

(A) 1 થી 3
(B) 4
(C) 1 અને 2
(D) 3

260. ગુજરાત રાજ્ય દફતર ભંડાર મુખ્યત્વે સૌથી મહત્વના નીચેનામાંથી કયા કાર્યો હાથ ધરવા જોઈએ ?

1. રેકર્ડની મોજણી અને કેન્દ્રીકરણ

2. સંદર્ભ સુચિઓ અને દફતર વહીવટ

3. દફતર સાચવણી-મરામત અને પ્રત્યાલેખન

4. સંશોધન અને સંદર્ભ સેવા

(A) 1 થી 4 (B) 1 અને 3

(C) 2 અને 4 (D) 4

261. મધ્યસ્થ દફતર ભંડાર, વડોદરાની સ્થાપના કોણે ક્યારે કરી હતી ?

(A) સયાજીરા - ઈ.સ. 1903 (B) ખંડેરાવ - ઈ.સ. 1869

(C) સયાજીરાવ 1લા - ઈ.સ. 1789 (D) ખંડેરાવ - ઈ.સ. 1896

262. ગુ.રા.દ. ભંડાર ખાતાની દફતરો અંગેની કેટલીક મહત્વની સમિતિઓના નામ જણાવો.

1. જીલ્લા દફતર મોજણી સમિતિ

2. પ્રાદેશીક દફતર મોજણી સમિતિ

3. રેકર્ડ ખરીદ સમિતિ અને નાશ માટેની સમિતિ

(A) 2 (B) 1 અને 2

(C) 3 (D) 1, 2 અને 3

263. વડોદરા દફતર કચેરીમાં કયા પ્રકારનું રેકર્ડ સંગ્રહાયેલ છે ?

1. આઝાદીની લડત અંગેનું પ્રજામંડળ ફાઈલો

2. ગાયકવાડ શાસન સમયનું

3. ફક્ત પેશ્વાનું રેકર્ડ

4. બ્રિટીશરો સાથેની સંધિઓ - કોલ કરાર

(A) 3 (B) 1, 2 અને 3

(C) 2 (D) 1, 2 અને 4

264. સૌરાષ્ટ્ર સરકારનું તથા વિવિધ રજવાડાઓ અંગેનું રેકર્ડ .......... દ.ભ. કચેરીમાં સંગ્રહાયેલ છે.

(A) જૂનાગઢ (B) ભાવનગર

(C) રાજકોટ (D) વાંકાનેર

265. સૌરાષ્ટ્ર - કચ્છ વિસ્તારના વિવિધ રજવાડાઓ અંગેની માહિતી આપતા દફતરો, રાજ્ય દફતર ભંડારની કઈ કચેરીઓમાં સંગ્રહાયેલ છે ?

1. જુનાગઢ, પોરબંદર 2. જામનગર, રાજકોટ 3. ભાવનગર 4. ભૂજ

(A) 1, 3 (B) 1, 2 અને 3

(C) 1 થી 4 (D) 1, 2

266. ગુજરાત રાજ્ય દફતર ભંડાર તરફથી સંશોધન નિયમો .......... ના રોજ બહાર પાડવામાં આવ્યા છે.

(A) 5 જાન્યુઆરી 1977 (B) 5 જાન્યુઆરી 1976

(C) 21 એપ્રિલ 1981 (D) 21 એપ્રિલ 1982

267. ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતાની કામગીરી સચિવાલયના કયા વિભાગ - મંત્રીશ્રીના તાબામાં થાય છે ?

(A) શિક્ષણ વિભાગ
(B) સામાન્ય વહીવટ વિભાગ
(C) યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગ
(D) માહિતી ખાતુ

268. દફતર ભંડારમાં સંગ્રહાયેલ કેટલાક મહત્વના પ્રકાશીત દફતરો - શ્રેણીઓ જણાવો કે જે તે સમયના રજવાડાઓ દ્વારા બહાર પાડવામાં આવેલ.

1. રજવાડાઓમાં પત્રવ્યવહાર 2. વહીવટી અહેવાલો 3. ગેઝેટ 4. વિવિધ રિપોર્ટ્સ

(A) 1
(B) 2
(C) 3 અને 4
(D) 2, 3 અને 4

269. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દફતરોની જાળવણી અંગે કામ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના નામ જણાવો.

1. નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા 2. આઈ.સી.એ. 3. ઈન્સડોક 4. યુનેસ્કો સે. રાષ્ટ્રસંઘ

(A) 1
(B) 4
(C) 2 અને 4
(D) 1 અને 3

270. ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓન આર્કાઈવ્ઝ (આઈ.સી.એ.)ની શાખાઓનું નામ જણાવો.

1. ઈન્ટરનેશનલ આર્કાઈવ્ઝ કોંગ્રેસ
2. ઈન્ડિઅન હિસ્ટોરીકલ રેકર્ડ કમીશન
3. સ્વારબિકા (SWARBICA)
4. યુનેસ્કો

(A) 4
(B) 1 અને 3
(C) 1 અને 2
(D) 3 અને 4

271. 'ભારતમાં દફતર વિદ્યાની પ્રવૃત્તિ અને ગુજરાત' – આ પુસ્તકના લેખકનું નામ દર્શાવેલ નામોમાંથી જણાવો.

(A) શ્રી ચંદ્રકાન્ત પંડ્યા
(B) ડૉ. પંકજ દેસાઈ
(C) ડૉ. જ.મુ.નાણાંવટી
(D) ડૉ. જી.ડી.પટેલ

272. ભારતમાં દફતરો અંગેનો સૌથી આધારભૂત અને મહત્વનું પુસ્તક 'આર્કાઈવ્ઝ ઈન ઈન્ડિયા' 1963 ના લેખકનું નામ જણાવો.

(A) શૈલેન બર્ગ
(B) માઈકલ કૂક
(C) શૈલેન ઘોષ
(D) એસ.એ.આઈ. તીરમીઝી

273. દફતર વહીવટ અંગેનું અગત્યનું પુસ્તક 'આર્કાઈવ્ઝ એડમીનીસ્ટ્રેશન' 1977 ના લેખકનું નામ જણાવો.

(A) પૂર્ણેન્દુ બાસુ
(B) શૈલેન બર્ગ
(C) ડેવીડ ગ્રેસી
(D) માઈકલ કૂક

274. દફતરોના સંરક્ષણ અને જાળવણી અંગેનું મહત્વનું પુસ્તક 'કન્ઝર્વેશન એન્ડ રીસ્ટોરેશન ઓફ આર્કાઈવ્ઝ મટીરીયલ્સ'ના લેખકનું નામ આપો.

(A) યશપાલ કથપાલિયા
(B) કે.કે. દત્તા
(C) બી.એમ. ગુપ્તા
(D) ડૉ. આર.કે.પરની

275. દુનિયામાં જાહેર દફતર ભંડારની વ્યવસ્થીત રીતે સૌ-પ્રથમ શરૂઆત ક્યારે અને ક્યાં થઈ હતી ?

(A) ઈ.સ. 1934માં અમેરિકામાં
(B) ઈ.સ. 1833માં બ્રિટનમાં
(C) ઈ.સ. 1789માં પેરીસ-ફ્રાન્સમાં
(D) ઈ.સ. 1821માં મુંબઈમાં

276. ભારતમાં દફતરો અને તેની વ્યવસ્થા અંગેના સૌથી જુના ઉલ્લેખ સાતમી સદીમાં .......... મળે છે.

(A) કૌટીલ્યના અર્થશાસ્ત્રમાં
(B) શૈલ લેખોમાં
(C) શિલાદિત્યના તામ્રપત્રમાં
(D) જાતક ગ્રંથો અને બૌદ્ધ સાહિત્યમાં

277. ગુજરાતમાં દફતરો અંગેના પ્રાચીન ઉલ્લેખ ભીમદેવ બીજાના સમયમાં .......... માં કડીના દાન શાસનમાં મળે છે.

(A) ઈ.સ. 1226માં
(B) ઈ.સ. 13મી સદીમાં
(C) ઈ.સ. 10મી સદીમાં
(D) ઈ.સ. 766-767માં

278. આશરે 13મી સદીમાં .......... ગ્રંથમાં દફતરોના પ્રકાર, વર્ગીકરણ અને રચના વગેરે વિગતો આપવામાં આવી છે.

(A) અર્થશાસ્ત્ર
(B) શુક્ર નીતિસાર
(C) અકબરનામા
(D) આઈના-એ-અકબરી

279. મોગલ શાસનમાં તમામ વહીવટ દરેક હુકમ લખીને થતા હતા અને સાચવવામાં આવતા હતા. માટે જે તેને .......... કહેવામાં આવતુ હતું.

(A) દફતર-એ-દિવાન
(B) કાગઝી રાજ
(C) દફતર અમલ
(D) દિવાન-એ-સૂબા

280. અકબરે ઈ.સ. 1574માં .......... શહેરમાં દફતર કચેરીની શૃઆત કરી હતી.

(A) દિલ્હી
(B) આગ્રા
(C) ફતેહપુર સિક્રી
(D) લખનૌ

281. ઈ.સ. પૂર્વે લખાયેલ કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' પુસ્તકમાં દફતર ભંડારનો ઉલ્લેખ .......... શબ્દથી કરવામાં આવ્યા છે.

(A) અર્થશાસ્ત્ર
(B) અક્ષપટલ
(C) અક્ષપ્રાતલિક
(D) નીલોપીન

282. મરાઠા સમયનું દફતર .......... તરીકે ઓળખાતું હતું.

(A) હઝૂર દફતર
(B) દફતર ખાતુ
(C) પેરવાઈ દફતર
(D) મરાઠા દફતર

283. વિશ્વ વિદ્યાલયો (યુનિ.ઓ)ના પોતાના દફતર ભંડાર હોવા જોઈએ. શા માટે ? કારણો જણાવો.

1. વિશ્વ વિદ્યાલયની સ્થાપનાથી વિકાસ સુધીનો ઈતિહાસ તૈયાર થઈ શકે.
2. વિવિધ સંશોધન કાર્ય - સંશોધન લેખો - થીસીસ મહત્વના સંશોધન સ્ત્રોત બની શકે.
3. વિદ્યાર્થીઓના મહત્વના રેકર્ડ - સચવાઈ શકે.
4. યુનિ.ઓના આર્કાઈવ્ઝ શક્ય નથી.

(A) 4
(B) 1 થી 2
(C) 1 થી 3
(D) 3

284. ધરતી કંપ જેવી કુદરતી હોનારતના દફતરો-માહિતી એકત્ર કરી સાચવવી જોઈએ. કથન અંગે નીચે દર્શાવેલ કારણોમાંથી યોગ્ય કારણ જણાવો.

1. ભાવી યોજના-પગલાં નીતિ બનાવી શકાય.
2. કુદરતી હોનારતો તો બન્યાજ કરતી હોય છે માટે તેનો ડેટા-માહિતી એકત્ર કરવી મુશ્કેલ છે.
3. આવી માહિતી-દફતરો ભૂતકાળના બનાવોનો ઈતિહાસ અને ચેતવણી આપે છે.
4. કોઈપણ કુદરતી બનાવ કે માનવ સર્જીત ઘટના ઈતિહાસના પુરાવા છે.

(A) 1
(B) 3 અને 4
(C) 1, 3 અને 4
(D) 2

285. ગુજરાતમાં આવતા પુર કે ધરતીકંપના દફતરો કેવી રીતે ઉપયોગી બની શકે ?

1. અગાઉ આવેલ પૂર કે વરસાદના આંકડાનો અભ્યાસ જરૂરી હોય છે.

2. અગાઉ થયેલ ભૂલોને સમજી-સુધારી શકાય છે.

3. આવનાર આફતોની ચેતવણી તથા ગંભીરતા સમજાવી શકાય છે.

(A) 1 થી 3 (B) 3

(C) 1 અને 2 (D) 1

286. આઝાદીની ચળવળ અંગેના દફતરો ગુ.રાજ્ય દફતર ભંડારમાં કેવી રીતે સાચવવામાં આવ્યા છે કે સાચવી શકાય ?

1. ફાઈલો સાચવવામાં આવી છે.

2. અલગ વિભાગ રાખી, સંશોધકોને માહીતી આપી શકાય.

3. હયાત સ્વા.સેનાનીઓના અનુભવો ધ્વનીમુક્તિ કરી સાચવવામાં આવે છે.

4. ગુ.રા.દ. ભંડારમાં આવી કોઈ પ્રવૃત્તિ કરવામાં આવી નથી.

(A) 1 (B) 2

(C) 4 (D) 1, 2 અને 3

287. દફતર પ્રવૃત્તિ અંગે રાષ્ટ્રિય અભિલેખાગાર તરફથી .......... સામયિક બહાર પાડવામાં આવે છે.

(A) રાજદફતર (B) ધી ઈન્ડીયન આર્કાઈવ્ઝ

(C) અભિલેખ પટલ (D) ઈતિહાસ

288. ગેઝેટ અને ગેઝેટીયરનો તફાવત સમજાવો.

1. બન્ને એકજ પ્રકાર છે.

2. બન્ને સરકારના પ્રચાર માટે છે.

3. ગેઝેટ સરકારી ઠરાવો - નિતી પ્રકાશિત કરે છે.

4. ગેઝેટીયર - જે તે જીલ્લાનો વિસ્તૃત ઈતિહાસ તથા માહિતી રજુ કરે છે.

(A) 3 અને 4 (B) 1

(C) 1 અને 2 (D) 2 અને 3

289. નહેરૂ મેમોરીયલ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી દિલ્હી જે જાણીતી લાયબ્રેરી અને આર્કાઈવ્ઝ છે તેનું નવું નામ જણાવો.

(A) તીન મૂર્તિ ભવન મ્યુઝીયમ (B) દિલ્હી આર્કાઈવ્ઝ

(C) વડાપ્રધાન મ્યુઝીયમ (D) વડાપ્રધાન મ્યુઝીયમ અને લાયબ્રેરી સોસાયટી

290. રાષ્ટ્રીય અભિલેખાગારની દફતરોની મહત્વની પ્રકાશન શ્રેણીઓ જણાવો.

1. ફોર્ટ - વિલિયમ - ઈન્ડિયા હાઉસ કોરસપોન્ડન્સના 21 ગ્રંથો

2. નેશનલ રજીસ્ટર ઓફ પ્રાઈવેટ રેકર્ડ

3. ડિસ્ક્રીપટીવ લીસ્ટ ઓફ સીક્રેટ ડીપાર્ટમેન્ટ રેકોર્ડ્ઝના નવ ગ્રંથો

4. મ્યુટીની પેપર્સ - ભોપાલ - ચાર ગ્રંથો

(A) 4 (B) 2 અને 3

(C) 1, 2 અને 3 (D) 1 અને 4

291. Epigraphy (અભિલેખન વિદ્યા) અને (Palaeography) (લિપિ વિદ્યા)નો તફાવત સમજાવો.

1. બન્ને એકજ છે.

2. વિવિધ માધ્યમો ઉપર કોતરેલા, લખેલા કે ઉપસાવેલ લખાણ એ એપીગ્રાફી છે.

3. ભાષા અને લિપિના વિકાસની સાથે પ્રાચિન લિપિઓ વાંચી-ઉકેલવાની વિદ્યાએ લિપિ વિદ્યા છે.

(A) 2
(B) 2 અને 3
(C) 3
(D) 1 અને 2

292. સમાચાર પત્રો ન્યૂઝ પેપર આર્કાઈવ્ઝ માટે માઈક્રોફીલ્મીગ વધારે યોગ્ય છે તે માટેના કારણો જણાવો.

1. સમાચાર પત્રોના કાગળની ગુણવત્તા ખુબજ હલકી હોય છે તેથી સચવાતા નથી.

2. ખૂબ ઓછી પી.એચ. ધરાવતા કાગળો હોય છે.

3. સમાચાર પત્રોની સાઈઝ અલગ-અલગ હોય છે માટે

4. માઈક્રોફીલ્મીંગથી સારી રીતે નાની સાઈઝમાં અને લાંબા સમય સુધી સાચવી શકાય છે.

(A) 1
(B) 1 અને 2
(C) 3 અને 4
(D) 1 થી 4

293. વડોદરા દફતર ભંડાર કચેરી તરફથી દફતરો આધારીત દફતર શ્રેણી પ્રકાશીત થયેલ હતી જેની વિગત આપો.

(A) આઝાદીની લડત અંગેના દફતરો આધારીત ગ્રંથશ્રેણી

(B) ગ્રંથ 1 થી 7 ભાગ ઈ.સ. 1724 થી 1847 સુધીના સમયગાળાના દફતરોની શ્રેણી

(C) વડોદરા રાજ્ય, વહીવટી અહેવાલો

(D) આજ્ઞા પત્રિકા

294. વડોદરા દફતર કચેરી દ્વારા પ્રકાશીત દફતરો આધારીત મહત્વના ગ્રંથોના નામ આપો.

1. ભારતમાં દફતર વિદ્યાની પ્રવૃત્તિ અને ગુજરાત

2. ડીસ્ટર્બન્સ ઈન ગુજરાત 1857-64

3. સીલેક્શન ફ્રોમ શાસ્ત્રી દફતર પ્રકાશન વર્ષ 1948

4. રેકર્ડ મેનેજમેન્ટ

(A) 1 અને 4
(B) 1
(C) 2 અને 3
(D) 4

295. રાજકીયપક્ષો પણ હવે પોતાની આર્કીવલ સીસ્ટમ અને આર્કાઈવ્ઝ વિકસાવી રહ્યાં છે તેઓ માટેની ઉપયોગીતા અંગે આપના તારણો નીચેનામાંથી આપશો.

1. કાર્યકરો / પ્રદેશો / મત વિસ્તાર / જાતિ-ધર્મ વગેરે અંગેની માહિતી તથા વિગતો ઉપયોગી બને છે.

2. ચૂંટણીઓની વ્યૂહરચનામાં એકત્રીત માહિતીઓનો અભ્યાસ ખૂબજ ઉપયોગી બને છે.

3. પત્ર વ્યવહાર, અભ્યાસ-રીપોર્ટો, અન્યપક્ષો - વિરોધીઓ અંગેના એકત્રીત ડેટા વગેરે ઉપયોગી બને છે.

(A) 2
(B) 1 અને 2
(C) 1, 2 અને 3
(D) 2 અને 3

296. બિઝનેસ આર્કાઈવ્ઝ સંદર્ભે ઉદ્યોગગૃહો, બેન્કો, ઉદ્યોગ-કુટુંબોના આર્કાઈવ્ઝ આજે વિકસી રહ્યા છે. જેની ઉપયોગીતા જણાવશો.

1. અંગત ઉપયોગ માટે હોય છે.

2. ઉદ્યોગગૃહો તથા તેના અગ્રણીઓના નિર્ણયો-નીતિ સમાજ ઉપર પણ અસર કરતી હોય છે.

3. ઉદ્યોગગૃહોને ઉત્પાદન અને સર્વીસીસ માટે આર્કીવલ ડેટા-રેકોર્ડ ખુબજ ઉપયોગી બને છે.

4. ઉદ્યોગગૃહો - ફેમીલઓનો પોતાનો ઈતિહાસ સચવાઈ રહે છે.

(A) 2, 3 અને 4 (B) 2

(C) 1 અને 4 (D) 2 અને 3

297. આજે રેલ્વે અને રેલ્વે આર્કાઈવ્ઝને ખૂબજ મહત્વ આપવામાં આવી રહ્યું છે. નીચેનામાંથી મહત્વના કારણો જણાવશો.

1. જૂની રેલ્વે સીસ્ટમનો અભ્યાસ થઈ શકે છે.

2. સામાજીક-ભૌગોલિક સ્થિતીનો અભ્યાસ તથા અન્ય વિગતો નવી રેલ્વે લાઈનો માટે ઉપયોગી બને છે.

3. નવા રેલ્વે પ્રોજેક્ટ માટે ભૂતકાળના અનુભવો, માહિતી ઉપયોગી બને છે.

4. નવી ટેકનોલોજી આવી ગઈ હોવાથી જુના ડેટાનું ખાસ મહત્વ રહેતું નથી.

(A) 4 (B) 1 થી 3

(C) 1 અને 2 (D) 3

298. આર્કાઈવ્ઝ ક્ષેત્રે યોગ્ય તાલીમ તથા અભ્યાસક્રમ કરાવતી દેશભરમાં જાણીતી સંસ્થાનું નામ જણાવશો.

(A) ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતું (B) ગુજરાત વિદ્યાપીઠ

(C) દેશભરમાં રાજ્યોના દફતર ભંડારો (D) રાષ્ટ્રિય અભિલેખાગાર, નવી દિલ્હી

299. દફતરો આધારીત સંશોધનો અનવેષણો અંગે સરકારની ભૂમિકા શું હોવી જોઈએ ?
નીચે દર્શાવેલમાંથી યોગ્ય તારણો દ્વારા સૂચન કરો.

1. વર્તમાન સમસ્યાઓને સ્પર્શતા વિષયો અંગે ભૂતકાળમાં નજર દોડાવી તે દફતરો આધારીત સંશોધનોને યુનિ.ઓ દ્વારા પ્રોત્સાહન આપવું જોઈએ.

2. પ્રજાકીય આંદોલનો, દુષ્કાળ, ધરતીકંપ, મજૂર સમસ્યા, સમાજ સુધારા વગેરે પ્રજાને સ્પર્શતા વિષયો અંગે સ્વતંત્ર સંશોધનો માટે સહાય કરીને પણ સંશોધન કરાવવા જોઈએ.

3. સંશોધનો સરકારનો વિષય નથી. યુનિ.ઓનો વિષય છે.

4. જાહેર દફતરો અંગેના દફતર ભંડારોના સંકુચિત વિચારોમાંથી બહાર લાવીને પ્રજાને સંશોધકોને દફતરોની માહિતી ઉપલબ્ધ કરાવવી જોઈએ.

(A) 1, 2 અને 4 (B) 1 અને 2

(C) 3 (D) 2 અને 4

300. રાષ્ટ્રીય નિર્માણમાં દફતરોના યોગદાન અંગે દર્શાવેલ સૂચનોમાંથી યોગ્ય સૂચનો સૂચવો.

1. વર્તમાનમાં કરવાના સુધારા માટે દફતરો સાધક-બાધક દષ્ટીએ ઉપયોગી થઈ શકે અને પ્રેરણાદાયી બની શકે.

2. રાષ્ટ્ર કે રાજ્યના પુનઃનિર્માણમાં વિકાસમાં અને આયોજનમાં તેની આગેકૂચ માટે ઉપયોગી સૂચનો, પ્રેરણા અને માહિતી દફતરોમાંથી જ પ્રાપ્ત થાય છે.

3. અગાઉ સરકારોએ લીધેલ નીતિવિષયક નિર્ણયો તેનો અમલ, બાધાઓ, નિષ્ફળતા વગેરેનો અભ્યાસ ઉપયોગી બને છે.

4. દફતરોનો ઉપયોગ રાષ્ટ્રના નિર્માણ-વિકાસના દષ્ટિકોણથી થવો જોઈએ.

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 1 અને 4 (D) 1, 2, 3 અને 4